

ગુરુ સાતિશય ગુણવંતા, ગુરુના ઉપકાર અનંતા,
શ્રુતલબ્ધિ અચરજકારી, શિવપંથ પ્રકાશનહારી...

કહાન સંવત-૬ (૫૧૦) * આત્મધર્મ * (અંક : ૧૦ વર્ષ : ૪૨) વીર સં. ૨૫૧૨ એપ્રિલ ૧૯૮૬

# * જ્ઞાયક સિવાય બીજું બધું પર છે *

જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે. નિજ અસ્તિત્વને પકડે તો ગૂંચવણ નીકળી જાય. 'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. 'જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે' એમ તેમાં આવી ગયું. ૩૦૧.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

'જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે.'

જીવ અનાદિ કાળથી જ્ઞાનાનંદ પ્રભુ આત્મા ને રાગાદિ વિભાવોની એકતામાં ગૂંચવાઈ ગયો છે; તેને સ્વભાવ-વિભાવ વચ્ચે એકપણાની આંટી પડી ગઈ છે, અંદર ગ્રંથિ પડી ગઈ છે. તે એકપણાની આંટીનું ઉકેલવું, ગ્રંથીભેદનું થવું તત્ત્વરુચિ અને મંથનના પરિણામ વડે ધીરજથી થઈ શકે છે. જૈન દિગંબર સાધુ અનંતવાર થયો તોપણ જ્ઞાતાસ્વભાવને ભૂલીને રાગાદિ વિભાવ સાથેની એકતામાં ગૂંચવાયેલો જ રહ્યો. રાગ અને જ્ઞાન બન્ને એક નથી, એમની વચ્ચે સાંધ છે, તડ છે; પ્રજ્ઞારૂપી છીણી અંતરના જોરથી પટકવાથી ગ્રંથીભેદ થાય છે. અહા, આવી વાત! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ દિવ્યધ્વનિમાં જે કહ્યું છે તે, 'બેન'ની વાણીમાં અનુભવમાંથી આવ્યું છે.

'નિજ અસ્તિત્ત્વને પકડે તો ગૂંચવણ નીકળી જાય.'

જીવ કહો કે આત્મા કહો—બંને એક જ છે. જ્ઞાનસ્વરૂપ આત્મા અનાદિથી રાગ સાથે એકતા માનીને ગૂંચવાઈ ગયો છે. જો તે જ્ઞાન ને આનંદસ્વરૂપ પોતાના સહજ અસ્તિત્વને પકડે તો સ્વ-પરના એકત્વની ભ્રાંતિના કારણે અનાદિથી ઊભી કરેલી તે ગૂંચવણ ટળી જાય. ભાઈ! તારી મોજૂદગી રાગથી તદ્દન જુદી છે; રાગાદિ ભાવો તો ક્ષણિક વિભાવ છે અને તું તો જ્ઞાનસ્વભાવી કાયમી ચેતન પદાર્થ છો. રાગાદિથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ તારી ચીજની હયાતી પકડવા—સમજવા તું કદી નવરો ન થયો. અરે! આ દેહ છૂટી જશે અને મરીને જઈશ ક્યાંય અજાણ્યા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં; બાપુ! ઉતારા ક્યાં થશે એની તને ખબર છે? ત્યાં તને ભેદજ્ઞાનની આવી વાતો ક્યાંય મળશે? આ દુર્લભ મનુષ્ય જીવનમાં કરવાનું તો આ એક જ છે—સ્વ-પરનું ભેદવિજ્ઞાન; બાકી બધાં થોથા છે.

પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ કેવળ જ્ઞાન અને આનંદ આદિ અનંત ગુણમય છે અને રાગાદિ વિભાવનું અસ્તિત્વ ક્ષણિક તેમ જ આકુળતામય છે. તે બન્ને એક નથી, પણ સ્વરૂપભેદે તદ્દન જુદાં છે. નિજ શુદ્ધ અસ્તિત્વને બરાબર સમજે તો બંને વચ્ચે એકતાની ભ્રાંતિરૂપ તાળું ખૂલી જાય અને અનુક્રમે ભવનો અંત આવી જાય.

[અનુસંધાન જુઓ પાનું ૩૧]

કહાન
સંવત–૬
વર્ષ–૪૨
અંક–૧૦
[ ૫૧૦ ]

વીર
સંવત
૨૫૧૨
A. D. 1986
ARIL




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * સ્વાનુભવથી જ શાસ્ત્રજ્ઞાનની સફળતા *

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૦ )

આ શ્રી યોગસાર શાસ્ત્ર છે, તેમાં ૯૫મી ગાથા ચાલે છે.

અહીં યોગીન્દ્રદેવ કહે છે કે 'આત્મજ્ઞાની જ સર્વ શાસ્ત્રોનો જ્ઞાતા છે.' કેમ કે સર્વ શાસ્ત્રો જાણવાનું ફળ આત્માને જાણવો તે છે. આત્મજ્ઞાન જ સર્વ શાસ્ત્રોનો સાર છે. તેથી આત્મજ્ઞાન સહિતના શાસ્ત્રજ્ઞાનની મુખ્યતા છે.

જે જાણે શુદ્ધાત્મને, અશુચિ દેહથી ભિન્ન,
તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો, શાશ્વત સુખમાં લીન. ૯૫.

આત્મામાં અતીન્દ્રિય આનંદ અંતરમાં ભર્યો પડ્યો છે. જેમ વસ્તુ શાશ્વત છે તેમ તેનો અતીન્દ્રિય આનંદ પણ શાશ્વત છે. એવા શાશ્વત આનંદમાં એકાગ્ર થઈને આત્માનો અનુભવ કરે, આત્માને જાણે તેણે સર્વ જાણ્યું.

આ તો ભાઈ! યોગસાર છે ને! યોગસાર એટલે અંતર આત્મામાં જોડાણ. મિથ્યાદૃષ્ટિને અધર્મરૂપ જોડાણ છે અને જ્ઞાનીને આત્મામાં એકાગ્રતારૂપ જોડાણ હોય છે. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એમ પ્રથમ નિર્ણય કરીને, તેની સન્મુખ થઈને, જેણે અતીન્દ્રિય આનંદનો અંશે અનુભવ કર્યો અને તે દ્વારા જાણ્યું કે આત્મા અતીન્દ્રિયજ્ઞાન અને આનંદમય છે તેણે સર્વ જાણ્યું. એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું.

યોગસારમાં એકલું માખણ ભર્યું છે. યોગીન્દ્રદેવ કહે છે કે, પ્રભુ! તારી પાસે જ તારો આનંદ છે ને! બહાર તું ક્યાં શોધવા જાય છે? આનંદ તો તારો સ્વભાવ છે ભાઈ! ત્રિકાળી આનંદ આદિ અનંતગુણરૂપ ધર્મનો ધરનાર તું ધર્મી છો. આવા પોતાના સ્વભાવને જે અનુભવ સહિત જાણે તેણે બાર અંગ અને ચૌદપૂર્વ જાણ્યા કહેવાય. કારણ કે બધાં શાસ્ત્રમાં કહેવાનો હેતુ તો આત્માનું જ્ઞાન કરવું તે જ છે.

શાસ્ત્રનું જ્ઞાન ત્યારે જ સફળ કહેવાય કે જ્યારે જીવ પોતાના સ્વભાવને યથાર્થ જાણે. અને આત્માને યથાર્થ જાણ્યો ત્યારે કહેવાય કે જ્યારે જીવ તેની રુચિ કરીને સ્વભાવનો સ્વાદ લ્યે. આમાં જાણવું, રુચિ અને આનંદનું વેદન આ ત્રણ વાત આવી ગઈ

ભગવાન સર્વજ્ઞદેવે દરેક આત્માને જ્ઞાન અને આનંદસ્વરૂપ જોયો છે. ભગવાને આત્માને રાગવાળો, કર્મવાળો કે શરીર આદિવાળો જોયો નથી. આવો આત્મા જે સ્વાનુભવથી જાણે તેણે ખરેખર આત્મા જાણ્યો કહેવાય.

આત્મા પોતાના સ્વભાવ સિવાય જગતના નાનામાં નાના પુદ્ગલો એટલે પરમાણુ અને સ્કંધને પોતાના કરવા માગે તો અનંત પુરુષાર્થથી પણ થઈ શકે તેમ નથી. તેમ પુણ્ય-પાપને પણ પોતાના કરવા માગે તોપણ અનંત પુરુષાર્થ કરે છતાં પોતાના થઈ શકતા નથી.

જેને પોતાનું હિત કરવું હોય તેણે આ બધું સમજવું પડશે. તેને માટે ભલે સમય લાગે પણ સમજ્યા વગર છૂટકો નથી. સમજીને પહેલાં તો નિર્ણય કરે પછી અનુભવ થાય.

તીર્થંકર ભગવાનની ઇચ્છા વિના જે દિવ્યધ્વનિ છૂટે છે તેમાંથી ગણધરદેવ સૂત્રરૂપે તેની રચના કરે છે તેનું નામ આગમ છે. આ આગમમાં એમ કહ્યું. છે કે ભાઈ! તું તારા સ્વભાવમાં રાગ અને કર્મને એક કરવા માગીશ તો એ એક થઈ શકશે નહિ. શરીરાદિ પરદ્રવ્ય તો આત્મા સાથે એક સમય પણ તન્મય થઈ શકતાં નથી. વિકારી ભાવ એક સમયની પર્યાયમાં તન્મય છે પણ તેને ત્રિકાળી સ્વભાવ સાથે એકમેક-તન્મય કરવા માગે તો થઈ શકતાં નથી. આત્મા તો ત્રિકાળી જ્ઞાન-આનંદમાં તન્મય છે તેની વર્તમાન દૃષ્ટિ કરીને તેમાં તન્મય થવું તે જીવનનું કાર્ય છે. જીવ પોતે પોતાને પ્રત્યક્ષ કરી શકે એવો તેનામાં ગુણ છે. પણ આજ સુધી ક્યારેય જીવે પોતાના સ્વભાવને જોવાનો પ્રયત્ન કર્યો નથી. સ્વરૂપનું મંથન કર્યું નથી. બહારમાં ને બહારમાં પોતે આખો પરમેશ્વર ખોવાઈ ગયો છે.

આત્મામાં એક 'પ્રકાશ' નામનો અનાદિ અનંત ગુણ એવો છે કે જે પોતાને પ્રત્યક્ષ કરી શકે છે. રાગ વિના આનંદનું વેદન થઈ શકે એવો એ ગુણનો ગુણ (ગુણનું કાર્ય) છે.

લૌકિકમાં દાખલો આવે છે ને ? સુરદાસે કૃષ્ણનો હાથ પકડયો તો શ્રીકૃષ્ણ તેનો હાથ છોડાવીને ભાગી ગયા તો સુરદાસ કહે છે પ્રભુ ! તું મારા હાથથી છટકી ગયો પણ મારા હૃદયમાં તારો વાસ છે ત્યાંથી તું છટકી શકે તેમ નથી. તેમ અહીં કહે છે કે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનથી બહાર કયાંય જઈ શકે તેમ નથી.

જેમ કસ્તૂરીમૃગની ડુંટીમાં કસ્તૂરી છે પણ બહાર ફાંફાં મારે છે તેમ ભગવાન આત્માના અંતરમાં અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ ભર્યો છે તેની સામે નજર કર્યા વિના અજ્ઞાની જીવ જેટલાં પુણ્ય-પાપના ભાવ કરે છે તે રખડવા ખાતે છે. પછી ભલે તે અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય તોપણ આત્માના ભાન વિના તેની કાંઈ કિંમત નથી.

રાગ વડે કે શાસ્ત્રજ્ઞાન વડે આત્મા જણાય-પ્રત્યક્ષ થાય એવો કોઈ આત્મામાં ગુણ જ નથી. આત્મા પોતે જ પોતાથી પ્રત્યક્ષ થાય એવો તેનામાં અનાદિ-અનંત ગુણ છે. તે ગુણ વડે આ જ આત્મા છે એમ પ્રત્યક્ષ વેદનપૂર્વક જાણે ત્યારે તેણે સર્વ શાસ્ત્રો જાણ્યા કહેવાય.

ભાઈ! આ મારગ કોઈ જુદી જાતનો છે. વીતરાગ પરમેશ્વરનો માર્ગ છે. પરમાત્મા કહે છે કે વિકલ્પ કે રાગથી તને કાંઈ લાભ નથી. તું તો તારા સ્વરૂપમાં જેટલો એકાગ્ર થા તેટલો તને સંવર છે-લાભ છે. આત્માના વેદન સહિત આત્માનું જ્ઞાન કરવું તે જ મોક્ષમાર્ગ છે તે સિવાય બીજે કયાંય મોક્ષમાર્ગ માનીશ તો તું છેતરાઈ જઈશ.

મુનિરાજ કહે છે કે, શુદ્ધસ્વરૂપની ભાવના કરતાં-કરતાં આત્મા પ્રાપ્ત થઈ જાય છે. શુદ્ધસ્વરૂપનું વેદન કરતાં કરતાં આત્મા પૂર્ણ પ્રત્યક્ષ થઈ જાય છે માટે શાસ્ત્રવાંચન કરતાં પણ હેતુ તો એક આત્મપ્રાપ્તિનો જ રાખવો. "લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાવો; તોડી સકલ જગ દ્વંદ-ફંદ, નિજ આતમ ધ્યાવો."

આત્મા પોતાના સ્વભાવને પહોંચે-પ્રાપ્ત કરે, રુચિ કરે, જાણે, વેદે ત્યારે તેને મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો કહેવાય ! તેને જ સામાયિક અને પૌષધ કહેવાય.

ભાઈ! આવી તારા ઘરની મીઠી વાત તને કેમ ન રુચે ? ભૂખ લાગી હોય અને પોચાં પોચાં માખણ જેવા દહીંથરા, ખાજા વગેરે મળે તો કેમ ન રુચે ? રુચે જ. તેમ આ આત્મા કોણ છે, કેવો છે એવી જેને અંદરથી જિજ્ઞાસા થઈ હોય તેને આ વાત કેમ ન રુચે ? રુચે જ. મૂળ તો અંતરથી ભૂખ લાગવી જોઈએ.

અહીં મુનિરાજે દાખલો મૂકયો છે કે માટી સહિતનું પાણી વ્યવહારનયથી જોઈએ તો મેલુ દેખાય છે પણ ખરેખર નિશ્ચયથી એ માટીની મેલપથી પાણીની સ્વચ્છતા જુદી છે. નિશ્ચયથી માટી માટી છે અને પાણી પાણી જ છે, બંને એક થયાં નથી તેમ,

વ્યવહારનયથી જુઓ તો આત્માને કર્મ શરીરાદિનો સંયોગ છે પણ પરમાર્થદૃષ્ટિથી જુઓ તો આત્માને રાગ અને કર્મનો લેપ-સંયોગ છે જ નહિ. આવી દૃષ્ટિથી આત્માને જોવો તે સત્યદૃષ્ટિ છે. તે જ આદર કરવા યોગ્ય છે. માટે, વ્યવહારનયથી નવતત્ત્વ, અશુદ્ધતા આદિ જાણવા. પણ મૂળ પ્રયોજન તો શુદ્ધ આત્માને જાણવાનું જ રાખવું.

હવે યોગીન્દ્રદેવ પુરુષાર્થસિદ્ધિનો આધાર આપીને સરસ વાત કરે છે કે અજ્ઞાનીઓને સમજાવવા માટે વ્યવહારનયનો ઉપદેશ છે. પર્યાયમાં અશુદ્ધતા છે પણ તે તારા સ્વભાવમાં નથી. નિશ્ચયથી સંયોગ, અને સંયોગીભાવથી તું પાર છો. માટે વ્યવહારનયના વિષયને તું જાણજે. પણ આદર તો નિશ્ચયના વિષયભૂત દ્રવ્યસ્વભાવનો જ કરજે.

એક નય અભેદને બતાવે છે અને એક નય ભેદને બતાવે છે. પરસ્પર વિરૂદ્ધ બે નય છે. એ જ અનેકાંત છે, બંને વસ્તુના ધર્મો છે. ભેદ પણ છે અને અભેદ પણ છે.

નિશ્ચયદૃષ્ટિથી જુએ તો આત્મા પોતાને વ્યવહાર, ભેદ, વિકલ્પથી રહિત જ જુએ એ નિશ્ચયનયનો નિયમ છે અને ભેદ, વિકલ્પ, આશ્રય અને નિમિત્તને જુએ તે વ્યવહારનો નિયમ છે, ભેદ નિમિત્તઆદિ વ્યહારનયનો વિષય છે. નથી એમ નથી. ન હોય તો તો તીર્થ, ગુણસ્થાન આદિ કાંઈ હોય જ નહિ. એમ બને નહિ અને નિશ્ચય ન હોય તો તો સ્વાશ્રય વિના પોતાને કાંઈ લાભ જ ન થાય. માટે બંને છે, તે બંનેને ન જાણે તે જ્ઞાતા–દ્રષ્ટા થઈ શકતો નથી.

જેમ બાળકને બિલાડી બતાવીને સિંહનું જ્ઞાન કરાવવામાં આવે છે પણ જો તેને ક્યારેય સિંહ ન બતાવે તો તે બિલાડીને જ સિંહ માની લેશે. તેમ અજ્ઞાનીને વ્યવહારનયથી એકેન્દ્રિય તે જીવ, પંચેન્દ્રિય તે જીવ એમ બતાવાય છે પણ તે એકેન્દ્રિયપણું કે પંચેન્દ્રિય આદિપણું વસ્તુના સ્વરૂપમાં નથી. તેથી વ્યવહારને જ નિશ્ચય માની લે તો તે તો ઉપદેશને લાયક જ નથી, કેમ કે તે નિશ્ચયને સમજતો નથી.

એક જગ્યાએ એવું બન્યું હતું કે નિશાળમાં પાટિયા ઉપર શિક્ષકે મચ્છર દોરીને વિદ્યાર્થીઓને બતાવ્યું હતું. મચ્છરતો નાનું હોય પણ બાળકોને સ્પષ્ટ દેખાય એ માટે શિક્ષકે ચિત્ર મોટું બનાવ્યું હતું તે બાળકોએ જોયેલું. બાળકોએ મચ્છર નજરે કદી જોયેલ નહિ તેથી એક દિવસ ગામમાં હાથી નિકળ્યો ત્યાં બાળકોને હાથી જ મચ્છર જેવો લાગ્યો. શિક્ષકને કહે કે જુઓ ! ગુરુજી આ મચ્છર આવ્યો. આ બનેલો દાખલો છે. પોતે જોઈ વિચારીને નક્કી કર્યા વગરની વસ્તુમાં આમ બને; તેમ અહીં અજ્ઞાની જીવો નિશ્ચયનું યથાર્થ સ્વરૂપ ઓળખતા નથી તેથી વ્યવહારને જ નિશ્ચય માની લે છે. ભાઈ! જો તારે તારા આત્માનું હિત કરવું હોય તો, આત્મા જે સ્વરૂપ છે તેને પહેલાં જાણ ! રુચિમાં લે અને અનુભવ કર ! એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કર તે જ તારો હિતનો માર્ગ–મોક્ષમાર્ગ છે.

હવે અહીં ૯૬મી ગાથામાં કહે છે કે સમ્યક્ચારિત્ર–અનુભવમાં પરભાવનો ત્યાગ હોય છે.

નિજ–પરરૂપથી અજ્ઞ જન, જે ન તજે પરભાવ,
જાણે કદી સૌ શાસ્ત્ર પણ, થાય ન શિવપુર રાવ. ૯૬.

અજ્ઞાની જીવ પોતાના અભેદ આત્મસ્વરૂપને જાણતો નથી અને પરભાવ સ્વરૂપ એવાં જે રાગ–દ્વેષ પુણ્ય–પાપ આદિને પોતાના માને છે. પરંતુ આત્માના સ્વભાવથી એ જુદાં સ્વભાવવાળા છે. અહો! દયા–દાન–પૂજા–ભક્તિ આદિના ભાવ પણ પરભાવ છે મારો સ્વભાવ નથી. આ વાત કોઈ દિવસ સાંભળી હતી?

પ્રશ્નઃ—દયા-દાનાદિ ન કરવાં તો અમારે કરવું શું?

પૂજ્ય ગુરુદેવઃ—શાશ્વત અનંત ગુણનો ગોદામ આત્મા બિરાજમાન છે તેની ઓળખાણ કરવી એ જ કરવાનું છે.

ત્રિલોકીનાથ પરમાત્મા પોકાર કરે છે કે ભાઈ! તું ત્રિકાળ શુદ્ધ ભગવાન છો પણ તેં તારી નજરની આળસે કદી હરિ–આત્માને નીરખ્યો નથી. લોકોમાં કહેવત છે ને, કાંખમાં છોકરું હોય અને કહે કે મારું છોકરું ક્યાં ગયું? અરે! પણ આ રહ્યું. આમ નજર કરને! એમ ભગવાન કહે છે તું પરમાત્મા છો અને તું ક્યાં ભગવાનને શોધવા નીકળ્યો? તારો ભગવાન તારી પાસે છે. શિખરજી, શેત્રુંજય, મંદિર કે પ્રતિમામાં તારો ભગવાન નથી.

બનારસીદાસજી નાટક સમયસારમાં કહે છે ને, "મેરો ધની નહિ દૂર દેશાંતર, મોહીમેં હૈ મોહી સુજત નીકે" અરે! ભગવાન! તારા સ્વરૂપની તને ખબર ન પડે એ તે કાંઈ વાત છે? અરે! તું તને પ્રત્યક્ષ થા એવો તારામાં ગુણ છે. તું જ્યાં છો ત્યાં શોધીશ તો જ તને તારું સ્વરૂપ પ્રાપ્ત થશે. જ્યાં તું નથી ત્યાંથી કેવી રીતે મળે? પણ આ જીવ એવો રાંકો થઈ ગયો છે કે તેને આવડું મોટું પોતાનું સ્વરૂપ હશે એવો વિશ્વાસ બેસતો નથી. જેમ બાળકને પોતાના નિધાનનું ભાન નથી તેમ અજ્ઞાનીને પોતાના અચિંત્ય નિધાનનું ભાન નથી.

એક તરફ પોતે આત્મા છે અને બીજી તરફ રાગ-દ્વેષ વિકાર આદિ પરભાવ છે એ બંનેને જાણે તો, પોતાનો આશ્રય લઈને પરભાવને છોડે. જ્ઞાન તો બંનેનું કરવાનું છે પણ પોતાના સ્વભાવને જાણીને ગ્રહણ કરવાનો છે અને પરભાવને જાણીને છોડવાનો છે.

સ્વ-પરના જ્ઞાન વગર ભલે દરિયા જેટલું શાસ્ત્રનું જ્ઞાન હોય તોપણ ભેદજ્ઞાન રહિત જીવ મોક્ષ પામતો નથી.

પ્રશ્નઃ—શાસ્ત્ર સ્વાધ્યાયથી નિર્જરા થાય છે એમ તો શાસ્ત્રમાં આવે છે!

પૂજ્ય ગુરુદેવઃ—'શાસ્ત્રસ્વાધ્યાયથી જ્ઞાનીને અસંખ્યગુણી નિર્જરા થાય છે' એમ ધવલમાં

પાઠ છે. શાસ્ત્રમાં અનેક જગ્યાએ એ વાત આવે પણ તેનો અર્થ એમ નથી કે શાસ્ત્ર તરફના વિકલ્પથી નિર્જરા થાય છે. જ્ઞાનીને શાસ્ત્રસ્વાધ્યાય કરતાં કરતાં પણ સમયે-સમયે ઘોલન આત્મા તરફનું છે તેનો ઢાળ આત્મામાં છે તેનાથી નિર્જરા થાય છે. વીતરાગતાથી જ નિર્જરા થાય. વિકલ્પથી કદી નિર્જરા ન થાય. શાસ્ત્રસ્વાધ્યાયના વિકલ્પથી નિર્જરા થતી હોય તો તો સર્વાર્થસિદ્ધિના દેવો ૩૩ સાગર સુધી એ જ કરે છે તેને ખૂબ નિર્જરા થવા જોઈએ પણ એમ નથી. તેને તો ગુણસ્થાન પણ વધતું નથી. ચોથું જ ગુણસ્થાન રહે છે. એ દેવો પણ ઇચ્છે છે કે અમે ક્યારે મનુષ્ય થઈને અંતરની સ્થિરતા વધારી નિર્જરા કરીએ? દેવપર્યાયમાં તો તેને પુણ્ય ઘણું છે તેથી જેમ પાણીનો પ્રવાહ હોય ત્યાં ખેતી થતી નથી કેમ કે પ્રવાહમાં બીજ જ અંદર રહેતું નથી તો ઊગે શી રીતે? તેમ, એ દેવોને સમ્યગ્દર્શન હોવા છતાં પુણ્યનો પ્રવાહ એટલો બધો છે કે તેમાં સ્થિરતાનું બીજ ઊગતું નથી-નિર્જરા થતી નથી. તે જ રીતે જેમ ખારી જમીનમાં બીજ ઊગતું નથી તેમ નરક પર્યાયમાં પાપની પ્રવાહમાં નારકીને કદાચ સમ્યગ્દર્શન હોય તોપણ સ્થિરતાનું બીજ ઊગતું નથી.

જાતિ અંધનો રે દોષ નહિ આકરો, જે નવી જાણે રે અર્થ,
મિથ્યાદષ્ટિ તેથી રે આકરો, કરે અર્થના અનર્થ.

નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્તથી વસ્તુનું જેવું સ્વરૂપ છે તેમ નહિ માનતાં વિપરીત માનનારો મિથ્યાદષ્ટિ જન્માંધ કરતાં પણ વધુ આકરો છે. વીતરાગની પેઢીએ બેસીને વીતરાગના નામે જે તત્ત્વ કહે તેની બહુ જવાબદારી છે. વીતરાગનો માર્ગ સ્વાશ્રયથી જ શરૂ થાય છે તેને બદલે પરાશ્રયથી લાભ માનવો અને કહેવો તેનું ફળ આકરું છે ભાઈ! તેથી અહીં ૯૬ મી ગાથામાં કહ્યું કે અનેક શાસ્ત્રો જાણવા છતાં જેણે અંતરમાં શુદ્ધ-બુદ્ધ અવિકાર ચૈતન્યઘન તે હું અને રાગાદિ વિકાર તે હું નહિ—એવું ભેદજ્ઞાન જેણે ન કર્યું તે વીતરાગ માર્ગને સમજ્યો જ નથી. તેથી તે શાસ્ત્રને જાણવા છતાં મુક્તિને પાત્ર થતો નથી.

[ ક્રમશઃ ]

—o—

બહારમાં વ્રત કરવા, પૂજા કરવી, ભક્તિ કરવી, યાત્રા કરવી એ બધું અજ્ઞાનીને સહેલું લાગે છે અને અંદરમાં આત્માને ધ્યાનનો વિષય બનાવવો, આત્મા જેવો છે તેવા સામર્થ્યપણે ઓળખીને તેમાં એકાગ્રતા કરવી એ એને કઠણ....કઠણ લાગે છે, પણ એ મૂળ વસ્તુ છે. આત્માના ભાન વિના બધા શુભ રાગ થોથા જેવા છે, શરણ આપે તેવા નથી.

—પૂજ્ય ગુરુદેવ

# ભેદવિજ્ઞાનનો મહા પ્રતાપ

[ શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૩ )

આ શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્ર ચાલે છે. પૂજ્યપાદસ્વામીએ તેની રચના કરી છે. તેમાં ૨૮મી ગાથા ચાલે છે.

દેહીને સંયોગથી દુઃખ સમૂહનો ભોગ,
તેથી મન-વચન-કાયાથી છોડો સહુ સંયોગ. ૨૮.

'આ સંસારમાં દેહાદિના સંયોગથી પ્રાણીઓને દુઃખ-સમૂહ ભોગવવા પડે છે. માટે મન-વચન-કાયાથી થતાં સર્વ સંબંધને હું છોડું છું.'

જ્યાં સુધી જીવ શરીર, વાણી તથા મન મારા છે—એમ માને છે ત્યાં સુધી સંસાર છે અને જ્યારે 'તે મારાં નથી' એવી બુદ્ધિ કરે છે ત્યારે મુક્તિ થાય છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ, સહજાનંદ, અમૂર્ત્ત શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. તેને છોડીને મન, વાણી અને દેહ તે મારા છે અથવા એ મારી ચીજ છે. તેનાથી હું કામ લઈ શકું છું એવી માન્યતા છે ત્યાં સુધી મિથ્યાદર્શન અને સંસાર છે.

ભગવાન આત્મા સત્ચિદાનંદ શુદ્ધ જ્ઞાયકજ્યોત સ્વરૂપ છે. તેનું પોતાનું અસ્તિત્વ શુદ્ધ અને પવિત્ર છે એવી અંતરદૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન-પ્રથમ ધર્મ છે. તેથી વિરુદ્ધ શરીર મારું છે, મનથી મને જ્ઞાન થાય છે, વાણીથી હું બોલું છું- બીજાને સમજાવું છું એમ શરીર-વાણી-મનમાં પોતાનું અસ્તિત્વ માને છે. ત્યાં સુધી તેને મિથ્યાદર્શન-સંસાર છે.

પોતાના ક્ષેત્રથી બહારની વસ્તુથી તો આત્મા ભિન્ન છે જ. પણ, એક ક્ષેત્રમાં રહેલાં શરીર-વાણી-મનથી પણ આત્મા ભિન્ન છે. આત્મા તો જ્ઞાનાનંદ મહાસત્તા છે- મહાન પદાર્થ છે જેમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ ભર્યાં છે. આવા નિજ અસ્તિત્વમાં દૃષ્ટિ રાખવાવાળા ધર્મી જીવ શરીર-વાણી-મનની ક્રિયા મારી છે, મારાથી થાય છે એમ માનતા નથી. અને એવી દૃષ્ટિ રહિત અજ્ઞાની જીવ શરીર, વાણી, મનની ક્રિયા તે મારી છે એમ માને છે તે સંસારમાં રખડે છે.

પ્રશ્ન :—તો અમારે બોલવું કે ન બોલવું ?

પૂજ્ય ગુરુદેવ :—બોલે છે જ કોણ ? અને મૌન પણ કોણ રહે છે ? ભાષા જ આત્માની નથી ત્યાં આત્મા બોલે ક્યાંથી અને મૌન રહે ક્યાંથી ? મન, વાણી આદિ

જડ પુદ્ગલનું અસ્તિત્વ છે પણ તે તેનામાં છે તેનું અસ્તિત્વ આત્મામાં નથી.

મન–વચન–કાયાના અસ્તિત્વમાં હું નથી. તેની ક્રિયા મારી નથી. પુણ્ય–પાપ, સંકલ્પ–વિકલ્પ, આદિ મનની ક્રિયા, વાણીની ક્રિયા તથા શરીરની હલન–ચલનની ક્રિયા તે મારો સ્વભાવ નથી, મારું કાર્ય નથી, હું તો શુદ્ધ ચિદાનંદસ્વરૂપ જ્ઞાયક છું એવી અંતરદૃષ્ટિ કરવી અને રાગ તથા દેહથી ભિન્ન પોતાનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગ છે.

એકવાર ઢેબરભાઈએ પ્રશ્ન કરેલ કે શરીરનો સદ્ઉપયોગ કેવી રીતે કરવો ? તેને કહ્યું કે, શરીર તો જડ–માટી ધૂળ છે તેનો ઉપયોગ આત્મા કરી શકતો નથી. શરીર પર-દ્રવ્ય છે તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. શરીરની ક્રિયા તેના રજકણે–રજકણના દ્રવ્ય-ગુણથી થાય છે. આત્મા છે તો શરીર ચાલે છે, આત્મા છે તો વાણી બોલે છે એવું ત્રણકાળ ત્રણલોકમાં કદી હોતું નથી. શરીર–વાણી–મનનું પોતાનું અસ્તિત્વ છે તેનાથી તેનું કાર્ય થાય છે.

જેમ શ્રીફળમાં સફેદ મીઠો ગોટો, છાલા, કાચલી અને લાલ છાલથી જુદો છે તેમ આત્મા શરીરરૂપ છાલા, જડકર્મરૂપ કાચલી અને પુણ્ય–પાપના ભાવરૂપ લાલ-છાલથી જુદો જ્ઞાનાનંદ સ્વરૂપ–સત્ચિદાનંદ–આનંદકંદ પ્રભુ છે પણ આ જીવે કદી તેની દૃષ્ટિ કરી નથી પોતાના સ્વભાવથી હટી જઈને શરીર, વાણી, મનથી હું કામ લઉં છું અને તે મારા છે એમ માને છે તેનું જ નામ મિથ્યાદર્શન–સંસાર છે.

સંસાર આત્માથી બહાર નથી, આત્માનો જ દોષ છે. સંસાર એ જીવની વિપરીત બુદ્ધિ છે–આ વિપરીત શ્રદ્ધા આત્માની જ પર્યાયમાં છે, ક્યાંય દૂર નથી. તેથી સ્ત્રી, પુત્ર, પરિવાર, ઘર આદિ છોડવાથી સંસાર છૂટતો નથી પણ પોતાના સ્વભાવની શ્રદ્ધા કરીને શરીરાદિ પરપદાર્થોમાં મારાપણું છોડવાથી સંસાર છૂટે છે. મિથ્યાદર્શન છૂટયા વિના કદી મુક્તિ થતી નથી.

શરીર, વાણી, મન, સ્ત્રી, પુત્ર આદિનું અસ્તિત્વ તેના પોતામાં છે. એક સમય પણ તેનું અસ્તિત્વ મારારૂપે થતું નથી. તેનું કાર્ય તેનામાં પોતાથી થાય છે. મારું અસ્તિત્વ મારામાં છે. મારા જ્ઞાનાદિ શરીર–વાણી મનની સહાયથી કામ કરે છે એમ પણ નથી.

જગતમાં દરેકનું અસ્તિત્વ છે. જીવનું અસ્તિત્વ છે, શરીર-વાણી આદિ જડનું અસ્તિત્વ છે અને તેમાં મારાપણાની બુદ્ધિરૂપ જીવની વિપરીત માન્યતાનું પણ અસ્તિત્વ છે. નથી એમ નથી. પણ એકનું અસ્તિત્વ બીજામાં નથી. એમ જાણીને નિજ અસ્તિત્વમાં દૃષ્ટિ કરે તો જ સાચી શ્રદ્ધા થાય—સ્વ.-પરનું ભેદજ્ઞાન થાય.

'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન.' આત્મા, વિકાર અને શરીર, વાણી,

મન આદિ પરદ્રવ્ય બધા છે ખરા પણ તેમાં મારી હયાતી નથી. મારી હયાતિ–અસ્તિત્વ એક મારા આત્મા સિવાય બીજે કયાંય નથી. આમ પરમાંથી એકત્વબુદ્ધિ છોડી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે મુક્તિનો ઉપાય છે.

તેથી જ સમયસારમાં ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવ દાંડી પીટી પીટીને કહે છે કે 'ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા, સિદ્ધા યે કિલ કેચન, તસ્યૈવ અભાવતો બદ્ધા, બદ્ધા યે કિલકેચન.' અનંતકાળના પ્રવાહમાં અનંત સિદ્ધો થયા છે તે ભેદવિજ્ઞાનથી જ થયા છે અને જે કોઈ બંધાયા છે તે ભેદજ્ઞાનના અભાવથી જ બંધાયા છે. પોતાના સ્વભાવથી ભિન્ન એવા દેહ, વાણી, મન અને રાગાદિ વિકલ્પથી લક્ષ હટાવી પોતાના સ્વભાવમાં લક્ષ કરવું તે મિથ્યાદર્શનની મુક્તિનો ઉપાય છે. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી બધી નિર્મળ-દશાની પ્રાપ્તિ એકમાત્ર ભેદવિજ્ઞાનથી જ થાય છે.

મુનિરાજે બહુ ટૂંકામાં સંસાર અને મોક્ષનું કારણ બતાવી દીધું છે. ૨૧ મી ગાથાથી આ મુદ્દાની વાત ચાલી આવે છે. ૨૧ મી ગાથામાં કહ્યું કે, આત્મા લોકાલોકનો જાણનારો છે, તેમાં લોકાલોક છે અને આત્મા છે, બંને પોતપોતાના અસ્તિત્વથી છે, એ વાત આવી ગઈ. આત્મા શરીરપ્રમાણ છે એમ કહ્યું તેમાં આત્મા લોકવ્યાપક છે એ વાતનો નિષેધ આવી ગયો. ધ્યાનમાં આત્મા પોતાના શરીરપ્રમાણ સ્વક્ષેત્રમાં એકાગ્ર થાય છે, લોકપ્રમાણ ક્ષેત્રમાં નહિ, વળી કહ્યું આત્મા નિત્ય છે અનંત સૌખ્યવાન છે. અત્યંત આનંદમય, નિત્ય, લોકાલોકને જાણનારો હું એક આત્મા છું. આવા નિજ આત્માને હું મારા જ સ્વસંવેદનથી અનુભવી શકું છું તેમાં મને કોઈ પરદ્રવ્યની સહાયની જરૂર નથી.

એક એક આત્મા સર્વજ્ઞ શક્તિનો ધરનાર છે, અને દરેક આત્મા અનંત આનંદથી યુક્ત છે. શરીરપ્રમાણ નાના ક્ષેત્રવાળો હોવા છતાં ભાવથી અનંત શક્તિવાન છે, અને પર્યાયે પલટતો હોવા છતાં દ્રવ્યે કાયમ ટકવાવાળો છે.

અનાદિકાળથી જીવ પોતાના સ્વભાવના સ્વસંવેદનને બદલે વિકારનું વેદન કરતો આવ્યો છે. શરીર, વાણી, સ્ત્રી, ભોજન આદિ પરદ્રવ્યનું વેદન તો આત્મા કયારેય કરતો જ નથી, પણ તેના લક્ષે થતાં પુણ્ય–પાપના રાગનું–વિકારનું વેદન આત્મા કરે છે. તે વેદન જ દુઃખ અને સંસાર છે, અને હું વિકારથી રહિત જ્ઞાનાનંદસ્વભાવી છું એવા શ્રદ્ધા જ્ઞાનપૂર્વક પર્યાયમાં આનંદનું વેદન થવું–સ્વસંવેદન થવું તેનું નામ મોક્ષમાર્ગ છે.

પરની મમતાથી આત્મા દુઃખના સમૂહને પામે છે. પરના સંયોગથી આત્માને દુઃખનો અનુભવ થાય એમ કદી બનતું નથી. દુઃખ છે અને તેનું વેદન છે, તેનું નામ સંસાર છે. જગતમાં કયાંય દુઃખ જ નથી એમ કોઈ માનતું હોય તો તે મિથ્યા છે. દુઃખ ન હોય તો તે દુઃખના નાશનો ઉપાય પણ રહેતો નથી, માટે દુઃખ પણ છે અને તેના નાશનો સાચો ઉપાય પણ છે.

અનાદિકાળથી પરસંગ કરવાથી અજ્ઞાની જીવને દુઃખ છે અને તે પરસંગ ( અભિપ્રાયમાંથી ) છોડીને પોતાના સ્વભાવનો આશ્રય કરવો તે દુઃખના નાશનો ઉપાય છે. માટે હું મન–વચન–કાયાથી સર્વ સંગ છોડી મારા સ્વભાવનો આશ્રય લઉં છું.

હવે ભાવુક શિષ્ય ફરી પ્રશ્ન કરે છે કે અમે શાસ્ત્રમાં સાંભળ્યું છે કે જીવને શરીર, આદિ સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે અને તેથી જ જીવનું મરણ, રોગાદિ થાય છે. તો હવે અમારે એ મરણ–રોગાદિને કેવી રીતે ટાળવા ?

આ શંકાનું સમાધાન આચાર્ય પોતે જ ૨૯ મી ગાથામાં કરે છે.

કયા ભીતિ જ્યાં અમર હું, કયા પીડા વણુ રોગ ?
બાલ, યુવા, નહિ વૃદ્ધ હું, એ સહુ પુદ્ગલ જોગ. ૨૯.

ભાઈ ! મરણ પુદ્ગલને છે, જન્મ પુદ્ગલને છે, રોગાદિ પુદ્ગલને છે અને બાળ–યુવાન–વૃદ્ધાદિ અવસ્થા પણ પુદ્ગલની છે. ભગવાન આત્મા તો તે સર્વથી રહિત શુદ્ધ, પવિત્ર જ્ઞાનાનંદ સ્વરૂપ છે.

આનંદઘનજી કહે છે ને, 'અબ હમ અમર ભયે ના મરેંગે યા કારણ મિથ્યાત્વ દીયો તજ, કયોં કર દેહ ધરેંગે ?...અબ હમ...' આત્મા તો અમર જ છે પણ અત્યાર સુધી શરીરના વિયોગને હું મારું મરણ માનતો હતો તે મિથ્યા હતું એમ જાણ્યું તેથી હવે નક્કી થયું કે હું અમર છું.

અજ્ઞાની જીવ શરીરના નાશથી પોતાનો નાશ, શરીરના જન્મથી પોતાનો જન્મ અને શરીરમાં રોગ આવવાથી પોતાને રોગી માનતો હતો. તે અજ્ઞાન, દુઃખ અને સંસાર હતો. હવે જાણ્યું કે હું તો શરીરથી ભિન્ન, જન્મ–મરણ–રોગાદિ રહિત તત્ત્વ છું. હું તો અજર અમર છું. એવી યથાર્થ શ્રદ્ધા થતાં મિથ્યાદર્શન અને સંસાર તૂટવા લાગે છે.

પાંચ ઇન્દ્રિય, મન–વચન–કાયા, શ્વાસ અને આયુષ્યને પ્રાણ કહેવાય છે. અને એ પ્રાણના ઉચ્છેદને મરણ કહે છે. તો ધર્મી વિચારે છે કે મારામાં એ દશ પ્રાણ જ નથી તો તેના ઉચ્છેદરૂપ મરણ મારે કેમ હોય ? મારા પ્રાણ તો જ્ઞાન–દર્શન આનંદ આદિ છે. તે પ્રાણનો કદી નાશ થતો નથી. માટે જ્ઞાનાદિ ગુણથી મારું જીવન છે. શરીર, વાણી, પુણ્ય–પાપાદિ વિકારથી મારું જીવન નથી.

મારે મૃત્યુ નથી તો ડર કેમ ? મને વ્યાધિ નથી તો પીડા કેવી ? હું તો ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય–જ્ઞાનજ્યોતિ આનંદ આદિ પ્રાણનો ધરવવાવાળો છું. 'આરોગ્ય બોધિલાભં' રાગ રહિત હું આરોગ્ય વાળી ચીજ છું, વિકાર અને શરીરના પ્રાણરહિત

હું ચૈતન્ય રતન છું એવી જે બોધિ એટલે જ્ઞાનનો લાભ તે મારું આરોગ્ય છે, નીરોગતા-છે. શરીરનો રોગ કે નીરોગતા આત્માને અડતી પણ નથી.

મુમુક્ષુ :– આપે તો અમને અમર અને નીરોગી બનાવી દીધા!

પૂજ્ય ગુરુદેવ :– અરે! બનાવ્યા નથી, એમ જ છે. તે બતાવીએ છીએ. સૂરજનું મરણ કદી થાય છે? તે તો છે જ, કદી મરતો નથી. તેમ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ છે જ, કદી મરતો નથી. શરીર અને આત્મા ભિન્ન જ છે પણ ક્ષેત્રથી ભિન્ન પડતાં તેને લોકો મરણ કહે છે. અને નવા શરીરના સંયોગને લોકો જન્મ કહે છે બાકી જન્મ-મરણ આત્માને છે જ નહિ.

હું તો આત્મા છું; હું ન બાળક છું કે ન વૃદ્ધ છું. શરીરની કોમળ અવસ્થાને બાળપણ કહે છે, શરીરની મજબૂત અવસ્થાને યુવાની કહે છે અને શરીરની નિર્બળ અવસ્થાને વૃદ્ધાવસ્થા કહે છે તે બધી જડ પુદ્ગલની અવસ્થા છે. ભગવાન ચૈતન્યસૂર્યની તે કોઈ અવસ્થા નથી. તેથી યુવાનીમાં આવતો વિકાર પણ મારો નથી અને વૃદ્ધાવસ્થામાં આવતી નબળાઈ પણ મારી નથી. તેથી સુખ-દુઃખની થતી અવસ્થા તે પણ મારી નથી. એમ ધર્મી જાણે છે.

૨૭ મા શ્લોકમાં આવ્યું હતું કે હું એક, શુદ્ધ, નિર્મમ, જ્ઞાની-યોગીગમ્ય અને કર્મોદયથી રહિત છું. આવા સ્વરૂપનો જેણે નિર્ણય કર્યો છે તે એમ જાણે છે કે બાળ-યુવાન-વૃદ્ધાવસ્થા તે મારી નથી. હું તો બેહદ જ્ઞાનાનંદ સ્વભાવી ચૈતન્યસૂર્ય છે. ભુત-ભવિષ્ય-વર્તમાનના બધી અવસ્થામાં કાયમ ટકનારો હું અનાદિ-અનંત છું.

હું સ્વને અને પરને જાણનારો સ્વ-પરપ્રકાશસ્વભાવી છું, પરદ્રવ્યને માત્ર જાણનાર છું. 'તે મારા અને હું તેનો' એવા મિથ્યા અભિપ્રાયથી રહિત નિર્મમ છું. અને મરણથી રહિત શાશ્વત છું. આવું મારું સ્વરૂપ છે એમ જેણે અંતરથી સ્વાનુભાવ પૂર્વક નક્કી કર્યું છે તે ધર્મી છે. [ક્રમશઃ]

## ✻ ભાઈ! તારા હિતનો ઉપાય કરી લે ✻

એક તો એ વાત છે કે સંસારમાં સ્ત્રી-પુત્ર-ધંધા માટે રોકાઈને પોતાનું બગાડે છે તે મોટું નુકશાન કરે છે અને બીજે ધર્મમાં આવે છે તો ધર્મને બહાને વ્રત-તપ આદિ શુભભાવ છે તેમાં ધર્મ માને છે, શુભમાં ધર્મ માનીને મિથ્યાત્વના મોટા પાપને સેવે છે ને ભવને બગાડે છે. ભાઈ! ક્ષણમાં દેહ છૂટી જશે માટે તારા હિતનો ઉપાય કરી લે!

—પૂજ્ય ગુરુદેવ

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ લોકઅનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાનમાં સમસ્ત લોક અલોકને જાણવાની તાકાત છે. જેવું લોકનું સ્વરૂપ હોય તેવું જ જાણે તો યથાર્થ જ્ઞાન કહેવાય; સર્વજ્ઞે જેવો લોક જોયો છે તેનું આ વર્ણન છે. તેનાથી વિપરીત માને તે જીવને જ્ઞાનસ્વભાવનું ભાન નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વભાવના ભાનપૂર્વક લોકના સ્વરૂપનો વિચાર કરે છે.

दक्षिणोत्तरतः पुनः सप्त अपि रज्जवः भवति सर्वत्र ।
ऊर्ध्वः चतुर्दशरज्जुः सप्त अपि रज्जुघनः लोकः ॥ ११९ ॥

અર્થ:—દક્ષિણ–ઉત્તર દિશામાં સર્વ ઊંચાઈ સુધી આ લોકનો સાત રાજુ વિસ્તાર છે. ઊંચાઈ ચૌદ રાજુ છે તથા સાત રાજુનું ઘનપ્રમાણ છે. ૧૧૯.

દક્ષિણ–ઉત્તર સર્વત્ર સાત રાજુ પહોળો અને ચૌદ રાજુ ઊંચાઈમાં છે એવા લોકનું ઘનફળ કરવામાં આવે ત્યારે તે ૩૪૩ ઘન રાજુ થાય છે. એક રાજુ પહોળાઈ, એક રાજુ લંબાઈ તથા એક રાજુની ઊંચાઈવાળા સમાન ક્ષેત્ર ખંડને ઘનફળ કહેવામાં આવે છે.

અનાદિ અકૃત્રિમ આવો લોક છે. જ્ઞાનનો આવો મહિમા છે કે લોકને જેમ છે તેમ જાણી લ્યે છે. બીજા મતમાં લોકનું જે માપ કહે છે તેના હિસાબે ૩૪૩ રાજુનો મેળ થતો નથી.

હવે લોકની ઊંચાઈના ભેદ કહે છે.

मेरो अधोभागे सप्त अपि रज्जू भवेत् अधोलोकः ।
ऊर्ध्वे ऊर्ध्वलोकः मेरुसमः मध्यमः लोकः ॥ १२० ॥

અર્થ:—મેરુના નીચેના ભાગમાં સાત રાજુ અધોલોક છે. ઉપર સાત રાજુ ઊર્ધ્વલોક છે અને વચ્ચે મેરુ સમાન લાખ યોજનનો મધ્યલોક છે, એ પ્રમાણે લોકનો ત્રણ વિભાગ જાણવો. ૧૨૦.

એક રાજુમાં અસંખ્યાત યોજન છે. નીચે અધોલોક સાત રાજુ છે. ઉપર સાત રાજુ છે, ને તેમાંથી વચમાં ૧ લાખ યોજનનો મધ્યલોક છે. ૧૮૦૦ યોજનનો જ મધ્યલોક નથી, પણ ૧ લાખ યોજનનો મધ્યલોક છે.

હવે લોક શબ્દનો અર્થ કહે છે:—

दृश्यन्ते यत्र अर्थाः जीवाद्याः स भण्यते लोकः ।
तस्य शिखरे सिद्धाः अन्तविहीनाः विराजन्ति ।। १२१ ।।

અર્થ:—જ્યાં જીવાદિકપદાર્થ જોવામાં આવે છે તેને લોક કહે છે. તેના શિખર ઉપર અનંત સિદ્ધો બિરાજે છે. ૧૨૧.

लोक्यन्ते दृश्यन्ते जीवादिपदार्थाः यत्र स लोकः = જ્યાં જીવાદિ છ પદાર્થો દેખવામાં આવે છે તેને લોક કહે છે. આ લોકના શિખર ઉપર લોકના મુગટ સમાન અનંતા સિદ્ધ ભગવંતો પરમાનંદદશામાં બિરાજે છે.

લોકનું વર્ણન કરતાં સૌથી ઉત્કૃષ્ટ સિદ્ધ ભગવંતોને યાદ કર્યા. સિદ્ધદશામાં આત્માના સ્વભાવમાંથી જ પરમાનંદમય સુખ પ્રગટે છે, ત્યાં લાડી-વાડી-ઘોડી વગેરે કાંઈ નથી, પણ સ્વભાવથી જ સુખ છે.

વ્યાકરણના હિસાબે લોકનો એવો અર્થ છે કે જ્યાં જીવાદિ પદાર્થો જોવામાં આવે તે લોક છે, ને લોકના ઉપરના છેડે અનંત સિદ્ધભગવંતો કર્મરહિત અને અનંત ગુણ-સહિત બિરાજમાન છે. મુક્તિશિલા કરતાં પણ સિદ્ધભગવંતો તો ઘણા ઊંચે છે. અહો! મારો સ્વભાવ કેવલ જ્ઞાનમય છે, મારા જ્ઞાનમાં આવો લોક-અલોક બધુંય પ્રમેય છે —આમ જ્ઞાનની પ્રતીત-પૂર્વક ધર્મીજીવ છ દ્રવ્યસ્વરૂપ લોકને જાણે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ બધાને જાણે પણ કોઈને તોડે નહિ, ફોડે નહિ, ફેરફાર કરે નહિ.

હવે આ લોકમાં જીવાદિ છ દ્રવ્યો છે તેનું વર્ણન કરે છે, તેમાં પ્રથમ જીવદ્રવ્યનું વર્ણન કરે છે.

एकेन्द्रियैः भृतः पंचप्रकारः सर्वतः लोकः ।
त्रसनाड्यां अपि त्रसाः न बाह्याः भवन्ति सर्वत्र ।। १२२ ।।

અર્થ:—આ લોક પૃથ્વી, અપ, તેજ, વાયુ અને વનસ્પતિ—એ પાંચ પ્રકારની કાયાના ધારક એવા જે એકેન્દ્રિય જીવો તેનાથી સર્વત્ર ભરેલો છે, વળી ત્રસજીવો ત્રસનાડીમાં જ છે-બહાર નથી. ૧૨૨.

સમાન પરિણામના અપેક્ષાએ ઉપયોગ લક્ષણવાન જીવદ્રવ્ય સામાન્ય પણે એક છે તોપણ વસ્તુ, ભિન્નપ્રદેશપણાથી પોતપોતાના સ્વરૂપસહિત જુદા જુદા અનંત (જીવો) છે. તેમાં જે એકેન્દ્રિય છે તે તો સર્વ લોકમાં છે તથા બેઈંદ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઈંદ્રિય અને પંચેન્દ્રિય ત્રસ જીવો છે તે ત્રસનાડીમાં જ છે.

બધા જીવોમાં ઉપયોગલક્ષણ એક સરખું છે, ચૈતન્ય અનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે, અથવા ચૈતન્યને અનુવર્તીને થનારા પરિણામ તે ઉપયોગ છે. તે ઉપયોગ અપેક્ષાએ બધા જીવો સમાન છે. આ સામાન્ય ઉપયોગ અપેક્ષાએ વાત છે. ત્રિકાળ શુદ્ધ એવા

સ્વરૂપ પ્રત્યક્ષ ઉપયોગ અપેક્ષાએ બધા જીવોને "નિયમસાર"માં સમાન કહ્યા છે, ને અહીં ઉપયોગના પરિણામની અપેક્ષાએ બધા જીવોને સમાન કહ્યા છે. ઉપયોગમાં હીનાધિકતા હોય તેને મુખ્ય ન કરતાં ઉપયોગ અપેક્ષાએ બધા જીવો સમાન છે. છતાં તેમાં દરેક જીવના પોતપોતાના પ્રદેશો ભિન્ન છે, એવા અનંત જીવો છે તેમાં જે એકેન્દ્રિય છે તે જીવો તો આખા લોકમાં સર્વત્ર છે. તથા બેઇંદ્રિય વગેરે ત્રસ જીવો તો ત્રસનાડીમાં જ છે.

હવે આગળ બાદર-સૂક્ષ્માદિ ભેદ કહે છે.

पूर्णाः अपि अपूर्णाः अपि च स्थूलाः जीवाः भवन्ति साधाराः ।
षोढा सूक्ष्माः जीवाः लोकाकाशे अपि सर्वत्र ।। १२३ ।।

અર્થઃ—જે જીવ આધારસહિત છે તે તો સ્થૂલ એટલે બાદર છે અને તે પર્યાપ્ત છે તથા અપર્યાપ્ત પણ છે, તથા જે લોકાકાશમાં સર્વત્ર અન્ય આધારરહિત છે તે જીવ સૂક્ષ્મ છે તેના છ પ્રકાર છે. ૧૨૩.

અપર્યાપ્ત કરતાં પર્યાપ્ત જીવો જગતમાં ઝાઝા છે. કોઈ જીવ પર્યાપ્ત પલટીને અપર્યાપ્ત થાય ને અપર્યાપ્ત પલટીને પર્યાપ્ત થાય, પણ જગતમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવો તો સદાય છે, તેનો કદી અભાવ થતો નથી.

હવે બાદર સૂક્ષ્મ કોણ કોણ છે તે કહે છે.

पृथ्वीजलाग्निवायवः चत्वारः अपि भवन्ति बादराः सूक्ष्माः ।
साधारणप्रत्येकाः वनस्पतिः पंचमा द्विविधाः ।। १२४ ।।

અર્થઃ—પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ એ ચાર તો બાદર પણ છે તથા સૂક્ષ્મ પણ છે તથા પાંચમી વનસ્પતિ છે તે પ્રત્યેક અને સાધારણ ભેદથી બે પ્રકારની છે. ૧૨૪.

આવા જીવો જગતમાં છે, એનું જ્ઞાન કરવાની વાત છે. જો આવું જ્ઞાન ન કરે તો કાં અજ્ઞાની હોય ને કાં અલ્પજ્ઞ હોય.

વનસ્પતિમાં એક શરીરમાં કાં એક જીવ રહે ને કાં અનંત જીવ રહે; વચલો ભેદ નથી. આ જીવોને કોઈ મારી કે બચાવી શકે છે એ વાત નથી, પણ આવું વસ્તુ-સ્વરૂપ જગતમાં છે, તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે.

આગળ સાધારણ અને પ્રત્યેકના સૂક્ષ્મપણાને કહે છે.

साधारणाः अपि द्विविधाः अनादिकालाः च सादिकाला च ।
ते अपि च बादरसूक्ष्माः शेषाः पुनः बादराः सर्वे ।। १२५ ।।

અર્થઃ—સાધારણ જીવો બે પ્રકારના છે. અનાદિકાલીન એટલે નિત્ય નિગોદ તથા

સાદિકાલિન એટલે ઈતર નિગોદ. એ બંને બાદર પણ છે તથા સૂક્ષ્મ પણ છે. બાકીના પ્રત્યેક વનસ્પતિના અને ત્રસના એ બધા બાદર જ છે. ૧૨૫.

અનાદિકાળથી નિગોદમાં પડેલા જીવો છે, કે જેઓએ કદી ત્રસનો ભવ કર્યો જ નથી, અને જીવોને મનુષ્યપણું પામીને પણ આત્માની સમજણનો વખત નથી મળતો!

ભાવાર્થ:—પૂર્વે કહેલાં જે છ પ્રકારના સૂક્ષ્મ જીવો છે તે પૃથ્વી, જળ, તેજ અને વાયુ તો પહેલી ગાથામાં કહ્યા તથા નિત્યનિગોદ અને ઈતરનિગોદ એ બંને-એ પ્રમાણે છ પ્રકારના તો સૂક્ષ્મ જાણવા. વળી છ પ્રકાર એ કહ્યા (તે સિવાય) બાકીના રહ્યા તે સર્વ બાદર જાણવા.

હવે સાધારણ જીવોનું સ્વરૂપ કહે છે.

साधारणानि येषां आहारोच्छ्वासकायआयुंषि ।
ते साधारणजीवाः अनन्तानन्तप्रमाणानाम् ॥ १२६ ॥

અર્થ:—જે અનંતાનંત પ્રમાણ જીવોને આહાર, ઉશ્વાસ, કાય અને આયુ સાધારણ એટલે સમાન છે તે બધા સાધારણ જીવ છે. ૧૨૬.

(૧) સિદ્ધોમાં સામ્યતા છે; બધા જીવોને જ્ઞાન-આનંદની પૂર્ણતા સરખી છે, ત્યાં હીનાધિકતા નથી.

(૨) સાધારણ-નિગોદના જીવોમાં એવી સામ્યતા છે કે અનંત જીવોને એક જ શરીર, એક જ આહાર, એકજ શ્વાસ ને એક જ આયુષ્ય! તત્ત્વના આરાધક જીવો સિદ્ધ થઈને સમાનતા પામે છે, ને તત્ત્વના વિરાધક જીવો નિગોદ થઈને ત્યાં સમાનતા પામે છે.

(૩) આ સિવાય જુગલિયામાં પુણ્ય સંબંધી કાંઈક સામ્યતા છે, પણ તેની સંખ્યા તો થોડી છે, સિદ્ધ અને નિગોદમાં અનંત જીવો છે. ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૯૩ માં કહ્યું છે કે:—

અર્થ:—જ્યાં એક સાધારણ નિગોદજીવ ઉપજે ત્યાં તેની સાથે જ અનંતાનંત ઉપજે તથા એક નિગોદજીવ મરે ત્યાં તેની સાથે જ અનંતાનંત સમાન આયુવાળા મરે છે.

એક જીવ જે આહાર કરે તે જ અનંતાનંત જીવોનો આહાર, એક જીવ શ્વાસોશ્વાસ લે તે જ અનંતાનંત જીવોનો શ્વાસોશ્વાસ, એક જીવનું શરીર તે જ અનંતાનંત જીવોનું શરીર તથા એક જીવનું આયુષ્ય તે જ અનંતાનંત જીવોનું આયુષ્ય. એ પ્રમાણે સર્વ સમાન તેથી તેમનું સાધારણ નામ જાણવું.

આત્માના સ્વભાવની વિરાધના કરીને નિગોદમાં ગયા ત્યાં અનંત જીવ વચ્ચે એક

જ શરીર છે. એક જીવનો જે આહાર છે તે જ અનંત જીવોનો આહાર છે. જીવને આહાર છે તે તો નિમિત્તનું કથન છે, ઉપાદાનમાં એક જ પ્રકાર છે કે જીવોના પરિણામની તેવી તેવી યોગ્યતા છે; સાધારણ નિગોદમાં આયુષ્ય ને શ્વાસોશ્વાસ પણ અનંત જીવોને સમાન છે.

હવે સૂક્ષ્મ અને બાદરનું સ્વરૂપ કહે છેઃ—

न च येषां प्रतिस्खलनं पृथ्वीतोयैः अग्निवायुभिः ।
ते जानीहि सूक्ष्मकायाः इतरे पुनः स्थूलकायाः च ।। १२७ ।।

અર્થઃ—જે જીવો પૃથ્વી, જળ, અગ્નિ અને પવનથી રોકાતા નથી તે જીવોને સૂક્ષ્મ જાણવા તથા જે તેનાથી રોકાય છે તેને બાદર જાણવા. ૧૨૭.

અહીં આ પ્રમાણે વ્યાખ્યા કરીને સમજાવ્યું છે, પણ ખરી રીતે "સૂક્ષ્મ નામકર્મનો જેને ઉદય છે તે સૂક્ષ્મજીવ છે ને બાદર નામકર્મનો જેને ઉદય છે તે બાદર જીવ છે."

આગળ પ્રત્યેક અને ત્રસને કહે છે.

प्रत्येकाः अपि च द्विविधाः निगोदसहिताः तथैव रहिताः च ।
द्विविधाः भवन्ति त्रसाः अपि च द्वित्रिचतुरक्षाः तथैव पंचाक्षाः ।। १२८ ।।

અર્થઃ—પ્રત્યેક વનસ્પતિ પણ બે પ્રકારની છે તે નિગોદસહિત છે તથા નિગોદરહિત પણ છે, વળી ત્રસ પણ બે પ્રકારના છે, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય તથા ચાર ઇન્દ્રિય એ ત્રણ તે વિકલત્રય (ત્રસ) તથા એ જ પ્રમાણે પંચેન્દ્રિય (ત્રસ) છે. ૧૨૮.

જે વનસ્પતિના આશ્રયે નિગોદ હોય તે તો સાધારણ છે તેને સપ્રતિષ્ઠિત પણ કહેવામાં આવે છે, તથા જેના આશ્રયે નિગોદ નથી તેને પ્રત્યેક જ કહેવામાં આવે છે અને એને જ અપ્રતિષ્ઠિત પણ કહેવામાં આવે છે; વળી બે ઈન્દ્રિયાદિક ત્રસ કહેવામાં આવે છે.

લીમડાનો કોર છે તે નિગોદ છે, ને પાંદડા છે તે પ્રત્યેક છે. કોરમાં અનંત જીવો છે, ને પાંદડાનાં અસંખ્ય છે. જીવો પોતાની ચૈતન્યઋદ્ધિને હારી જઈને આવી હીનદશા પામ્યા છે, તે સર્વજ્ઞે જોયું છે. બધાને જાણી—રાગદ્વેષ ટાળી–વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટ કરવાનો આત્માનો સ્વભાવ છે.

## * પંચેન્દ્રિયના ભેદો *

અર્થઃ—જળચર, થલચર અને નભચર એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચના ત્રણ પ્રકાર છે, વળી તેઓમાં કોઈ મનસહિત સંજ્ઞિ પણ છે તથા કોઈ મનરહિત અસંજ્ઞિ પણ છે. ૧૨૯.

▣ એ છ પ્રકારના તિર્યંચ તે ગર્ભજ પણ છે તથા સમ્મૂર્ચ્છન પણ છે. તેમાં જે ભોગભૂમિના તિર્યંચ છે તે થલચર તથા નભચર જ છે પણ જળચર નથી અને તેઓ સંજ્ઞિ જ છે પણ અસંજ્ઞિ નથી. ૧૩૦.

▣ સર્વ તિર્યંચોના પંચાશી (૮૫) ભેદ છે. ત્યાં ગર્ભજના આઠ છે, તે પર્યાપ્ત-અપર્યાપ્તથી સોળ (૧૬) ભેદ થયા એ પ્રમાણે સર્વ મળી પંચાશી (૮૫) ભેદ છે. ૧૩૧.

લોકમાં રહેલા જીવોના કેવા કેવા પ્રકારો છે તેનું આ વર્ણન છે. જીવ પોતે આવા આવા અનેક પ્રકારના અવતારોમાં ઊપજી આવ્યો છતાં તેને તેનું ભાન નથી. અહો ! અમે તો કેવળજ્ઞાનના કંદ છીએ. સિદ્ધની જાતના આત્મા છીએ—એવું ભાન કર્યું નહિ. બધા પડખેથી તત્ત્વનું આરાધન કર્યું નહિ, ને વિરાધના કરીને જીવો આવા સંસારમાં રખડે છે.

પર્યાપ્ત એટલે જેને પર્યાપ્તિ પૂરી થઈ ગઈ હોય. નિવૃત્તિ અપર્યાપ્ત એટલે જેને પર્યાપ્તિ પૂરી થઈ નથી પણ પછી પૂરી થવાની છે. લબ્ધિ અપર્યાપ્ત એટલે પર્યાપ્તિ પૂરી થયા પહેલાં જ જેનું મરણ થઈ જાય છે તે.

▣ આર્યખંડમાં, મ્લેચ્છખંડમાં, ભોગભૂમિમાં તથા કુભોગભૂમિમાં મનુષ્ય છે તે ચારે ( પ્રકારના ) મનુષ્યોના પર્યાપ્ત તથા નિવૃત્તિ અપર્યાપ્તથી આઠ પ્રકાર થયા. ૧૩૨.

▣ સમ્મૂર્ચ્છન મનુષ્ય, આર્યખંડમાં જ નિયમથી હોય છે અને તે લબ્ધ્યપર્યાપ્તક જ હોય છે. વળી નારકી તથા દેવના પર્યાપ્ત અને નિવૃત્ત્યપર્યાપ્તના ભેદથી ચાર પ્રકાર છે. એ પ્રમાણે તિર્યંચના પંચાશી ભેદ, મનુષ્યના નવ ભેદ, નારકી તથા દેવના ચાર ભેદ એમ બધાય મળી અઠ્ઠાણું ભેદ થયા. ઘણાને સમાનતાથી ભેગા કરીને—સંક્ષેપતાથી સંગ્રહ કરી કહેવામાં આવે તેને સમાસ કહે છે, અહીં ઘણાં જીવોને સંક્ષેપતાથી કહેવું તેને જીવસમાસ જાણવો. એ પ્રમાણે જીવસમાસ કહ્યા. ૧૩૩.

▣ આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનના પરિણમનની પ્રવૃત્તિમાં સામર્થ્ય છે તેના છ પ્રકાર છે. ૧૩૪.

▣ એ શક્તિની પ્રવૃત્તિની પૂર્ણતાના કારણરૂપ જે પુદ્‌ગલસ્કંધ છે તેની પ્રગટપણે નિષ્પત્તિ અર્થાત્ પૂર્ણતા હોવી તેને પર્યાપ્તિ કહે છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. ૧૩૫.

▣ આ જીવ, પર્યાપ્તિને ગ્રહણ કરતો થકો જ્યાં સુધી મનપર્યાપ્તિને પૂર્ણ ન કરે ત્યાં સુધી તેને નિવૃત્ત્યપર્યાપ્ત કહે છે, અને જ્યારે મનપર્યાપ્તિ પૂર્ણ થાય છે ત્યારે તેને પર્યાપ્ત કહે છે. ૧૩૬.

▣ જે જીવ શ્વાસના અઢારમા ભાગમાં મરણ પામે એક પણ પર્યાપ્તિ પૂર્ણ ન કરે તે જીવને લબ્ધ્યપર્યાપ્તક કહે છે. ૧૩૭.

લબ્ધિ અપર્યાપ્તક જીવો એક શ્વાસમાં ૧૮ વાર જન્મ-મરણ કરે છે એટલે એક શ્વાસના અઢારમાં ભાગમાં મરે છે—આવા ભવો જીવે અનંતવાર કર્યા છે. જ્ઞાની આવા વિચારથી પોતાના જ્ઞાનની વિશાળતા કરે છે ને વીતરાગતા વધારે છે.

❀ એકેન્દ્રિયની ચાર, વિકલત્રયની પાંચ અને સંજ્ઞિપંચેન્દ્રિયની છ—એ પ્રમાણે ક્રમથી પર્યાપ્તિ હોય છે, વળી લબ્ધ્યપર્યાપ્તક છે તે અપર્યાપ્તક છે તેઓને પર્યાપ્તિ નથી. ૧૩૮.

❀ મન, વચન, કાય, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ અને આયુ એના સંયોગથી તો ઉપજે—જીવે તથા એના વિયોગથી મરે તેને પ્રાણ કહે છે, અને તે દશ છે. ૧૩૯.

પ્રાણ ધારણ કરે તે જીવ છે. નિશ્ચયથી ચૈતન્યસ્વરૂપ પ્રાણથી બધા જીવો જીવે છે. નિયમસારમાં તેનું ઘણું વર્ણન આવી ગયું છે. ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ સ્વભાવથી જીવે છે તેથી બધા જીવો કારણશુદ્ધજીવ છે, તે જ કારણપરમાત્મા છે, જેમને કેવળજ્ઞાનાદિ શુદ્ધ કાર્ય પ્રગટી ગયું છે તેવા જીવો કાર્યશુદ્ધજીવ છે, તે કાર્યપરમાત્મા દસ પ્રાણોથી જીવે છે એમ કહેવું તે વ્યવહાર છે. જીવો, તેની પર્યાપ્તિના ભેદો, તેના પ્રાણોના ભેદો એ બધું સર્વજ્ઞ સિવાય જાણી શકે નહિ. નિશ્ચયથી બધા જીવો ઉપયોગસ્વરૂપ છે. આવું જ્ઞાન કરીને પોતે પોતાના સ્વભાવ તરફ વળવા માટેની આ વાત છે. બધાનો જાણનારો પોતાનો જ્ઞાનસ્વભાવ છે, તે સ્વભાવને જાણ્યા વિના એકલા ભેદના પલાખાં ગોખી જાય —તો તેથી કાંઈ કલ્યાણ થાય નહિ.

❀ એકેન્દ્રિયને ચાર પ્રાણ છે, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, અસંજ્ઞિ પંચેન્દ્રિય તથા સંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્તજીવોને અનુક્રમે છ-સાત-આઠ-નવ-દશ પ્રાણ છે. આ પ્રાણ પર્યાપ્તની અપેક્ષાએ કહ્યા છે. ૧૪૦.

❀ બંને પ્રકારના અપર્યાપ્ત (નિવૃત્યપર્યાપ્ત તથા લબ્ધ્યપર્યાપ્તક) જે એકેન્દ્રિય બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય,—અસંજ્ઞિ તથા સંજ્ઞિપંચેન્દ્રિયોને ત્રણ ચાર પાંચ છ સાત એ પ્રમાણે અનુક્રમે પ્રાણ હોય છે. ૧૪૧.

❀ બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌરેન્દ્રિય એ ત્રણ વિકલત્રય કહેવાય છે. અને તે જીવો નિયમથી કર્મભૂમિમાં અંતના અર્ધા દ્વીપમાં અને અંતના આખા સમુદ્રમાં હોય છે, ભોગભૂમિમાં હોતા નથી. ૧૪૨.

ભગવાને જ્યાં જે જીવો જોયા તે કહ્યા છે, આવો જ્ઞાનનો વિષય છે, જ્ઞાનસ્વભાવની પ્રતીતપૂર્વક ધર્મી જીવ આવું સ્વરૂપ વિચારે છે. [ ક્રમશઃ ]

—૦—

# સાક્ષાત્ મોક્ષનું મૂળ એક સહજજ્ઞાન જ છે

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આત્માના ઉપયોગનું આ વર્ણન ચાલે છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામને ઉપયોગ કહે છે, તેના પ્રકારોનું વર્ણન ચાલે છે.

૧. કારણસ્વભાવજ્ઞાન

૧. કાર્યસ્વભાવજ્ઞાન

૪. સમ્યક્‌મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યય એ ચાર જ્ઞાન.

૩. કુમતિ, કુશ્રુત ને વિભંગ એ ત્રણ અજ્ઞાન.

--

૯

એમ નવ પ્રકાર છે, તેમાં પ્રત્યક્ષ–પરોક્ષના પ્રકારો બતાવે છે.

કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ તો સહજ પ્રત્યક્ષ છે, ત્રિકાળ શક્તિરૂપ સ્વરૂપપ્રત્યક્ષ છે; ને કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.

'रुपिष्ववधेः' (અવધિજ્ઞાનનો વિષય–સંબંધરૂપી દ્રવ્યોમાં છે) એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ (એકદેશ–પ્રત્યક્ષ) છે. તેના અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (–જાણનારું) હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલ્પપ્રત્યક્ષ છે. મતિજ્ઞાન ને શ્રૂતજ્ઞાન બંને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.

અહીં પર વિષયની અપેક્ષાએ મતિ–શ્રુતને પરોક્ષ ગણ્યા છે, પણ સ્વવિષય અપેક્ષાએ તો તે પણ પ્રત્યક્ષ છે, ને પર વિષયને ઇન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ જાણે છે તે અપેક્ષાએ તેને વ્યવહાર પ્રત્યક્ષ કહેવાય છે.

અહીં ઉપર કહેલાં જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન છે; એ સિવાય બીજું મોક્ષનું પરમાર્થ કારણ નથી. મતિ-શ્રુત વગેરેને પરંપરા મોક્ષનું કારણ કહેવાય છે. જે ત્રિકાળી કારણ સ્વભાવજ્ઞાન છે, તે મોક્ષનું મૂળ છે. આ સહજજ્ઞાન ત્રિકાળ છે. ચાર જ્ઞાનને મોક્ષનું કારણ ન કહ્યું ને કેવળજ્ઞાન તો મોક્ષસ્વરૂપ જ છે, તેનું કારણ ત્રિકાળી સહજજ્ઞાન છે.

તે સહજજ્ઞાન પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે ભવ્ય જીવોનો પરમસ્વભાવ છે. અભવ્યને પણ તેવું સહજજ્ઞાન તો ત્રિકાળ છે પણ તેને તેનું ભાન નથી માટે તેનો

પરમ સ્વભાવ ગણ્યો નથી. ભવ્ય જીવનો પરમ સ્વભાવ આ ત્રિકાળી સહજ એકરૂપ જ્ઞાન છે, તે જ આદરણીય છે, તેના જ આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે છે. ત્રિકાળ સ્વરૂપ-પ્રત્યક્ષજ્ઞાનના આધારે જ સમ્યક્ મતિશ્રુત–અવધિ–મનઃપર્યય કે કેવળજ્ઞાન થાય છે. કોઈ પરના આશ્રયે જ્ઞાન ખીલતું નથી. આવા સહજજ્ઞાનને ઉપાદેય કરવું તે જ મોક્ષનું કારણ છે.

હવે આ સહજ ચિદ્‌વિલાસરૂપે અભેદ આત્માને ભાવવો એમ કહે છે : આત્મા કેવો છે?

૧. સદા સહજ પરમ વીતરાગ સુખામૃત છે. આ પર્યાયની વાત નથી પણ ત્રિકાળ શક્તિની વાત છે.

૨. અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ છે. જેને કોઈ વિઘ્નો નથી એવું ત્રિકાળ નિરાવરણ જ્ઞાન છે.

૩. સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર અને

૪. ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક) હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા, આ શ્રદ્ધા પણ ત્રિકાળી છે.

આ રીતે ત્રિકાળી સહજ સુખ, જ્ઞાન, ચારિત્ર અને શ્રદ્ધા એ સ્વભાવ અનંતચતુષ્ટય છે તેનાથી આત્મા સનાથ છે. અહીં ચાર બોલ કહ્યા તે પર્યાય પ્રગટે તેની વાત નથી, પણ ત્રિકાળી સહજ શક્તિની વાત છે. શ્રદ્ધા કેવી છે? ત્રણે કાળે અવિચ્છિન્ન હોવાથી જે આત્માને સદાય નિકટ છે, એવી ચૈતન્યરૂપની ત્રિકાળી શ્રદ્ધા છે. ત્રિકાળી ચાર સ્વભાવ કહ્યા તેનું રક્ષણ કરનારો આત્મા છે ને તે મુક્તિસુંદરીનો નાથ છે—એવા આત્માને સહજ ચિદ્‌વિલાસરૂપે સદાય ભાવવો.

આત્મા અનાથ છે એટલે કે જેનો કોઈ બીજો નાથ નથી, ને જે પોતે મુક્તિ-સુંદરીનો નાથ છે–એ રીતે આત્મા અનાથ, મુક્તિસુંદરીનો નાથ છે. આવા આત્માની ભાવના કરવી તે મુક્તિનો ઉપાય છે.

સહજ ચિદ્‌વિલાસરૂપે સ્વભાવ અનંત ચતુષ્ટયયુક્ત આત્માને અનુભવવો તે આત્માની મુક્તિનું કારણ છે.

જુઓ તો ખરા! મુનિરાજને આત્મસ્વભાવનું વર્ણન કરતાં વિશેષણો પણ ઓછાં પડે છે. આત્માનાં ત્રિકાળી ચતુષ્ટયની વાત ચાલે છે. ત્રિકાળી શ્રદ્ધા, ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી સહજ સુખ ને ત્રિકાળી ચારિત્ર—એવાં સ્વભાવ ચતુષ્ટય સહિત આત્માની ભાવના કરવાની આ વાત છે.

આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.

આ બાર ગાથાઓમાં સંસારનાં મૂળ ઊખેડી નાખે તેવો બ્રહ્મોપદેશ કર્યો. જેમ
સમયસારમાં બાર ગાથા મૂળભૂત છે, તેમ અહીં બાર ગાથામાં બ્રહ્મઉપદેશ કર્યો. જેવો
આત્મા કહ્યો તેવા આત્માની જે ભાવના કરે તેને સંસારનું મૂળ છેદાઈને મુક્તિ થાય છે.
હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોકો કહે છે.
શ્લોકાર્થ:—એ રીતે કહેવામાં આવેલા ભેદજ્ઞાનને પામીને ભવ્ય જીવ ઘોર
સંસારનાં મૂળરૂપ સમસ્ત સુકૃત કે દુષ્કૃતને, સુખ કે દુઃખને અત્યંત પરિહરો. તેનાથી
ઉપર (અર્થાત્ તેને ઓળંગી જતાં), જીવ સમગ્ર (પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે. ૧૮.
ઉપયોગમય જીવ છે, તે ઉપયોગનું વર્ણન કરીને જીવને ઓળખાવ્યો. આ રીતે
ભેદજ્ઞાન પામીને ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત પુણ્ય-પાપને ભવ્ય જીવો પરિહરો, ને
ત્રિકાળી શુદ્ધ ચૈતન્યનું જ અવલંબન કરો. શુભ વ્યવહાર તે ધર્મનું કારણ નથી, પણ
ઘોર સંસારનું કારણ છે. વ્યવહારરત્નત્રયરૂપ જે સુકૃત એટલે કે શુભરાગ, તેને પણ
ઘોર સંસારના મૂળમાં ગણ્યો છે. તેને અત્યંત પરિહરો, અને ત્રિકાળી કારણપરમાત્મા
જ્ઞાનમૂર્તિ બતાવ્યો તેની ભાવના કરો, તે જ સંપૂર્ણ શાશ્વત સુખનો ઉપાય છે. શુભ
અને અશુભ બંનેને ઓળંગી જતાં, નિજ પરમાત્માની ભાવનાથી જ શાશ્વત સુખ પમાય
છે. એ સિવાય બીજો ઉપાય નથી. અખંડ ચૈતન્ય તરફનું વલણ તે જ શરૂઆતનો
ઉપાય છે, ને આગળ પણ તે જ મોક્ષનું કારણ છે. મોક્ષનું મૂળ કોણ?

શુદ્ધ ઉપયોગનો પિંડ પરિપૂર્ણ અખંડ આત્મા તે મોક્ષનું મૂળ છે.
તે સિવાયના શુભ કે અશુભ તે તો સંસારનું મૂળ છે.

શ્લોકાર્થ:—પરિગ્રહનું ગ્રહણ છોડીને તેમ જ શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને બુધ
પુરુષે અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય માત્ર જેનું શરીર છે તેને (–આત્માને)
ભાવવો. ૧૯.
ઉપયોગમય આત્મા કહ્યો; તેની પક્કડ કરતાં પરની પક્કડ છૂટી જાય છે, માટે
ચૈતન્ય સિવાય સમસ્ત પરદ્રવ્યનું ગ્રહણ છોડીને તેમજ શરીર પ્રત્યે પણ ઉપેક્ષા કરીને—
એટલે કે તેનું પણ લક્ષ છોડીને—જ્ઞાનીઓએ અવ્યગ્રતાથી ભરપૂર ચૈતન્યમાત્ર ભાવવો.
બહારમાં શરીરાદિનું શું થશે? પુસ્તકનું શું થશે? એવી વ્યગ્રતા કરવી તે આત્માનું
સ્વરૂપ નથી. આ શરીર આત્માનું નથી. આત્માને તો ચિન્માત્ર વિગ્રહ એટલે કે
ચૈતન્યમાત્ર શરીર છે, એવા આત્માની ભાવના કરવી. શરીરનું કાલે શું થશે-એવી ચિંતા
તે વ્યગ્રતા છે. વ્યગ્રતા કરવી તે ચૈતન્યનું સ્વરૂપ નથી, તેમ જ વ્યગ્રતા કરવાથી પરમાં
કાંઈ ફેરફાર થતો નથી, માટે તે વ્યગ્રતાથી રહિત જે, ચિદાનંદથી ભરેલો ભગવાન
છે તેની જ ભાવના કરવા જેવી છે.

મુખ્યપણે આ મુનિની વાત છે, એટલે કહ્યું કે બાહ્યમાં પરિગ્રહ છોડીને, ને દેહની પણ ઉપેક્ષા કરીને શુદ્ધ જ્ઞાનશરીરી ચૈતન્ય આત્માને ભાવવો. આ ભાવનામાં જ નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે આવી જાય છે.

ભેદજ્ઞાન વડે ચૈતન્યની ભાવના કરતાં શું ફળ થાય છે તે બતાવીને તેનો મહિમા અને મંગળ કરે છે:—

શ્લોકાર્થ:–મોહને નિર્મૂળ કરવાથી, પ્રશસ્ત–અપ્રશસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી અને દ્વેષરૂપી જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી, પવિત્ર, અનુત્તમ, નિરુપધિ અને નિત્ય–ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું સત્ફળ વંદ્ય છે, જગતને મંગળરૂપ છે. ૨૦.

ચૈતન્યની ભાવના વડે મોહનો નાશ થઈ જાય છે, તેમ જ શુભાશુભ સમસ્ત રાગનો નાશ થઈ જાય છે, સ્વભાવ તરફનો અણગમો વર્તે તેને દ્વેષરૂપી જળથી ભરેલો ઘડો કહ્યો છે, તેનો પણ ચૈતન્યની ભાવના વડે નાશ થઈ જાય છે. એ રીતે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવની ભાવના કરવાથી, મોહ અને રાગ દ્વેષને નાશ કરવાથી, પવિત્ર, અનુત્તમ, ઉપાધિરહિત અને નિત્ય પ્રકાશમાન એવી જ્ઞાનજ્યોત પ્રગટ થાય છે.

આવી જ્ઞાનજ્યોતિ પ્રગટી તે ભેદજ્ઞાનરૂપ વૃક્ષનું સુંદર ફળ છે. ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે અને જગતને મંગળરૂપ છે. જુઓ, અખંડ જ્ઞાનજ્યોતિ પ્રગટવાનું કારણ પરથી જુદાપણાની ભાવના છે. પરથી જુદા આત્માનું ભેદજ્ઞાન કર્યું ત્યાં મોક્ષનું બીજડું રોપાયું. તેમાંથી વૃક્ષ ફાલતાં કેવળજ્ઞાનરૂપી ફળ પ્રગટે છે. તે સત્ફળ જગતને વંદ્ય છે, અને તે જગતને મંગળરૂપ છે; તે જ સંપદાને આપનાર ને આપદાને ટાળનાર એવું મંગળ છે.

શ્લોકાર્થ:—આનંદમાં જેનો ફેલાવ છે, જે અવ્યાબાધ (બાધા રહિત) છે, જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે, જે અંતર્મુખ છે, જે પોતામાં—સહજ વિલસતા (ખેલતા, પરિણમતા) ચિત્ચમત્કારમાત્રમાં લીન છે, જેણે નિજ જ્યોતિથી તમોવૃત્તિને (-અંધકારદશાને, અજ્ઞાનપરિણતિને) નષ્ટ કરી છે અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે, એવું સહજજ્ઞાન સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે. ૨૧.

ટીકાકાર કહે છે કે સહજજ્ઞાનની પ્રગટ થયેલી સ્વાભાવિકદશા મોક્ષમાં જયવંત વર્તે છે.

કેવું છે તે સહજજ્ઞાન?

આનંદમાં તેનો ફેલાવ છે. સંપૂર્ણ રાગદ્વેષમોહ ટળીને સંપૂર્ણ આનંદ પ્રગટી ગયો છે. જે અવ્યાબાધ છે, જેને હવે કોઈ બાધા નથી. જેની સહજ અવસ્થા ખીલી

નીકળી છે, શક્તિપણે ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાન હતું તેમાંથી સહજ અવસ્થા ખીલી નીકળી છે, એટલે કે કેવળજ્ઞાન થઈ ગયું છે. વળી તે અંતર્મુખ છે. પોતાના સહજ વિલસતા (પરિણમતા) ચૈતન્ય ચમત્કારમાં લીન છે, અને પોતાની જ્યોતિ પ્રગટી તે વડે અજ્ઞાન અંધકારનો નાશ કર્યો છે, અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે. એવું સહજજ્ઞાન પોતાની પ્રગટેલી અવસ્થાસહિત મોક્ષમાં જયવંત વર્તે છે.

ત્રિકાળી સહજજ્ઞાન હતું તેની પૂર્ણ અવસ્થા મોક્ષમાં ખીલી નીકળી છે, એવું જ્ઞાન મોક્ષમાં જયવંત વર્તે છે. આવા સહજજ્ઞાનસ્વભાવની ભાવના કરવા જેવી છે. તેની ભાવનાથી કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રગટી જાય છે.

શ્લોકાર્થ :— સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવો શુદ્ધચૈતન્યમય મારા આત્માને જાણીને, હું આ નિર્વિકલ્પ થાઉં. ૨૨.

નિર્વિકલ્પ કેમ થવાય ? કે સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જ જેનું સર્વસ્વ છે, એવા શુદ્ધ ચૈતન્યમય પોતાના આત્માને જાણીને તેમાં લીનતા થતાં નિર્વિકલ્પતા થાય છે, એ રીતે સહજજ્ઞાનમય શુદ્ધાત્માને જાણવાથી નિર્વિકલ્પતા થાય છે, એમ કહ્યું.

હવે દર્શન ઉપયોગનું સ્વરૂપ કહે છે :—

ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;
અસહાય, ઇન્દ્રિયવિહીન, કેવળ ને સ્વભાવ કહે છે. ૧૩.

અર્થ :— તેવી રીતે દર્શનોપયોગ સ્વભાવ અને વિભાવના ભેદથી બે પ્રકારનો છે. જે કેવળ ઇન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવ દર્શનોપયોગ કહ્યો છે.

ચૈતન્ય અનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે, તેમાં જ્ઞાન ઉપયોગનું વર્ણન કર્યું. હવે દર્શન ઉપયોગનું વર્ણન કરે છે.

'જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે, તેમ દર્શનોપયોગ પણ તેવો છે. (ત્યાં પ્રથમ, તેના બે ભેદ છે : ) સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.'

કારણસ્વભાવદર્શન તો ત્રિકાળ છે, ને કાર્યસ્વભાવદર્શન નવું પ્રગટે છે.

દૃષ્ટિ = દર્શન. [ દર્શન અથવા દૃષ્ટિના બે અર્થ છે : (૧) સામાન્ય પ્રતિભાસ, અને (૨) શ્રદ્ધા. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. બંને અર્થો ગર્ભિત હોય ત્યાં બંને સમજવા ].

દૃષ્ટિ અને દર્શન ઉપયોગ બંને નિર્વિકલ્પ હોવાથી અહીં ટીકાકાર તે બંનેને ગર્ભિતપણે લઈ લ્યે છે. કારણદૃષ્ટિ અને કારણ દર્શન ઉપયોગ એ બંનેને અહીં સાથે લેવા.

તે કારણદૃષ્ટિ કેવી છે? તે કહે છે.

"ત્યાં કારણદૃષ્ટિ તો, સદા પાવનરૂપ અને ઔદયિકાદિ ચાર વિભાવસ્વભા પરભાવોને અગોચર એવો સહજ–પરમપારિણામિક ભાવરૂપ જેનો સ્વભાવ છે, જે કારણ સમયસાર સ્વરૂપ છે, નિરાવરણ જેનો સ્વભાવ છે, જે નિજ સ્વભાવસત્તામાત્ર છે, જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે, જે અકૃત્રિમ પ્રરમ સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિમય શુદ્ધ ચારિત્રસ્વરૂપ છે, જે નિત્ય–શુદ્ધ–નિરંજનજ્ઞાનસ્વરૂપ છે અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાન માત્ર જ છે (અર્થાત્ કારણદૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે.)"

અહીં પરમપારિણામિકસ્વભાવને ચાર ભાવોથી અગોચર કહ્યો તે તો પારિણામિક સ્વભાવનું જ અવલંબન બતાવવા માટે કહ્યો છે. ખરેખર તો ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયિકભાવોથી તો તે પારિણામિકભાવ ગોચર થાય છે, પણ તે ભાવો ક્ષણિક પર્યાયરૂપ છે, તેના અવલંબને વિકલ્પ ઊઠે છે; ક્ષાયિકભાવના લક્ષે પણ વિકલ્પ થાય છે માટે તેને વિભાવ કહ્યો.

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચારે ભાવો અપેક્ષિતભાવો હોવાથી તેમને વિભાવસ્વભાવ પરભાવો કહ્યા છે. એક સહજ પરમપારિણામિકભાવને જ સદા પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે. ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમ-પારિણામિકભાવનો આશ્રય થતો નથી. પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની દશાઓ પ્રાપ્ત થાય છે.

જેમાં ક્ષાયિકભાવની પણ અપેક્ષા નથી એવો ત્રિકાળ નિરપેક્ષ એકરૂપ પરમપારિણા-મિકભાવ છે તેના જ આશ્રયે ધર્મ થાય છે. ઉપશમ, ક્ષાયોપશમ કે ક્ષાયિકભાવ તે તો ધર્મ છે પણ તેના આશ્રયે ધર્મ નથી, ધર્મ તો પારિણામિકભાવના આશ્રયે જ થાય છે, માટે તે પારિણામિકભાવનો આશ્રય કરાવવા માટે ચાર વિભાવભાવોથી તેને અગમ્ય કહ્યો છે.

ઉત્પાદ–વ્યય વિનાની ત્રિકાળ શ્રદ્ધાને પણ અહીં સ્વરૂપ શ્રદ્ધા કહી છે. આ ધ્રુવરૂપ છે. તેને ત્રિકાળદર્શન પણ કહેવાય છે, તે ત્રિકાળીસ્વરૂપશ્રદ્ધા પણ કહેવાય છે. [ક્રમશઃ]

—૦—

જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતા જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# સુવર્ણપુરી સમાચાર :—

* પોષ વદ ૧૦ થી ફાગણ વદ ૧૦—એક મહિનો સોનગઢમાં ઉત્સવમય વાતાવરણ રહે છે. પોષ વદ ૧૦ થી ફાગણ સુદ બીજ—આઠ દિવસ શ્રી સીમંધરસ્વામી–જિનમંદિરની પ્રતિષ્ઠાનો ૪૬ મો વાર્ષિક ઉત્સવ મંડલ વિધાન પૂજા, જિનેન્દ્રભક્તિ, રથયાત્રા આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઉજવાયો હતો. પ્રતિષ્ઠાના મધુર સંસ્મરણો પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મુખારવિંદથી સાંભળતા મુમુક્ષુઓ આનંદિત થતા હતા.

* ફાગણ સુદ ત્રીજથી ફાગણ સુદ ૭ સુધી નવનિર્મિત નંદીશ્વર–જિનાલયનો પ્રથમ વાર્ષિકોત્સવ વિશેષ સમારોહપૂર્વક ઉજવાયો હતો. પ્રતિદિન બપોરે પોતાના નિવાસસ્થાને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી દ્વારા તેમ જ આદરણીય પંડિત શ્રી હિંમતભાઇ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલી વિશેષ 'જિનેન્દ્રભક્તિ' બધાને અત્યંત પ્રમુદિત કરતી હતી. ત્યાં પ્રતિદિન બે–ચાર 'પ્રભાવના' થવી એ વિશેષ કાર્યક્રમ હતો. વિધાન પૂજા, જિનેન્દ્રભક્તિ, જિનમંદિર તેમ જ નંદીશ્વરજિનાલયમાં પધારીને પૂજ્ય બહેનશ્રી દ્વારા 'જિનેન્દ્રભક્તિ' કરાવવી, પંચકલ્યાણક–વિડિયો દર્શન વિગેરે વિશેષ કાર્યક્રમો દ્વારા ઉત્સવ અતિ–હર્ષાનંદપ્રદ રહ્યો.

* ફાગણ માસની નંદીશ્વર–અષ્ટાહ્નિકા તેમ જ તે દિવસોમાં સુદ ૯ થી ૧૩—પાંચ દિવસ શ્રી પરમાગમમંદિરનો વાર્ષિકોત્સવ પૂજા, ભક્તિ, પરમાગમમંદિરમાં પૂજ્ય બહેનશ્રી દ્વારા વિશેષ ભક્તિ વગેરે કાર્યક્રમપૂર્વક ઉલ્લાસથી ઉજવાયો હતો.

* તા. ૩૧ માર્ચથી ૪ એપ્રિલ (ફાગણ વદ ૧૦)—પાંચ દિવસ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૫૪ મો સમ્યક્ જયંતી–મહોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી ગુજરાતી તેમ જ હિન્દી મળીને ૪૦૦ મહેમાન આવ્યા હતા. ચોંસઠ–ઋદ્ધિ મંડલ વિધાન-પૂજાના સમયે મંદિર ચીચોખીચ ભરાઈ જતું હતું. શ્રી મંડલ વિધાન પૂજા (૧) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી તેમ જ તેમનો પરિવાર (મુંબઈ), (૨) શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ (દહેગામ), (૩) શ્રી શિવકુંવરબેન મોહનલાલ કાળીદાસ જસાણી (મુંબઈ), તથા (૪) શ્રી કલ્પનાબેન કિરીટભાઈ વારિયા (હ. જયાબેન વારિયા, મહુવા) તરફથી સજવામાં આવી હતી. પ્રતિદિન બપોરે પૂજ્ય બહેનશ્રીના નિવાસ્થાને થતી સ્વાનુભવરસ ભરી આધ્યાત્મિક તત્ત્વચર્ચાના અનુપમ લાભથી બધા અત્યંત આનંદિત થતા હતા. સવારે શ્રી સમયસાર તેમ જ સાંજે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ભરપૂર પ્રવચનો ઉપરાંત બપોરે ડૉ. પ્રવિણભાઈ દોશી, શ્રી હરીભાઈ શેઠ, શ્રી પ્રાણભાઈ કામદાર દ્વારા તાત્ત્વિક વિશ્લેષણ તેમ જ ભક્તિભાવયુક્ત

સુંદર શાસ્ત્ર-પ્રવચન થયાં હતા. પ્રતિદિન રાત્રે પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચાના કાર્યક્રમથી બધા ખૂબ પ્રમુદિત થતા હતા. ફાગણ વદ ૧૦ —સમ્યક્ત્વ-જયંતીના રોજ સવારે દેવ-શાસ્ત્ર-ગુરુદર્શન, મંડલ-વિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ટેપ-પ્રવચન, તત્પશ્ચાત્ 'સમ્યક્ત્વજયંતી-ભક્ત્યભિવાદન,' 'સમ્યક્ત્વજયંતી'ની ખુશાલીમાં '૫૪'ના અંકમાં ૩૭૭ × ૫૪ ની જાહેરાત, અખિલ ભારતીય દિ. જૈન મુમુક્ષુવૃંદ દ્વારા ઉજવાનાર, પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ કહાનગુરુદેવની આગામી ૯૭ મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકાની મંગલ લેખન વિધિ, ત્યારબાદ પૂજ્ય બહેનશ્રી દ્વારા લગભગ પંદર મિનિટ (આજના મંગલ અવસર નિમિત્તે વિનંતી કરવાથી) આધ્યાત્મિક બોધ, સમ્યક્ત્વજયંતી અભિવાદન નિમિત્તે પૂજ્ય બહેનશ્રીના દર્શન આદિ વિવિધ ભક્તિમય કાર્યક્રમ દ્વારા આ મંગલ મહોત્સવ ઉજવાયો હતો.

* સાંજે ૫ વાગ્યે ભોજનાલયની 'મોમ્બાસા નિવાસી શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ'—એ નામકરણવિધિ કરીને તેની ઉદ્ઘાટન-વિધિ ટ્રસ્ટના અધ્યક્ષ મહોદય શ્રી હસમુખલાલ પોપટલાલ વોરાના સુહસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગની ખુશાલીમાં ટ્રસ્ટના અધ્યક્ષ મહોદય શ્રી હસમુખભાઈ દ્વારા રૂા. ૫૦૦૧/ ભોજનાલય-ખાતે જાહેર કરવામાં આવ્યા હતા. પ્રાસંગિક વક્તવ્યમાં શ્રી ભગવાનજીભાઈ શાહે પરમ પૂજ્ય શ્રી કહાન ગુરુદેવ તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે દૃઢ શ્રદ્ધા તેમ જ ભક્તિભાવ વ્યક્ત કરતા થકા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિમાં પૂજ્ય બહેનશ્રીની કલ્યાણીછાયામાં પૂર્વવત્ પ્રવર્તમાન ધાર્મિક કાર્યક્રમથી પ્રભાવિત થઈને ભક્ત્યુલ્લાસ-પૂર્વક કહ્યું કે 'પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રીનો આપણા મુમુક્ષુ-સમાજ ઉપર અત્યંત ઉપકાર છે. તેઓશ્રીની આ સાધનાભૂમિની પ્રગતિમાં દિવસે દિવસે અભિવૃદ્ધિ થાય અને હજારો મુમુક્ષુઓ અહીં આવીને આ પુણ્યભૂમિનો લાભ લે એવી મારી ભાવના છે. તે માટે તન-મન-ધનથી સેવા કરવાનો મને ફરી ફરી લાભ મળે એવી ભાવના ભાવું છું.' પોતાની ભાવના વ્યક્ત કરતા તેઓ ગદ્ગદ થઈ ગયા હતા.

* તા. ૧૯ એપ્રિલ (ચૈત્ર સુદ ૧૦)ના રોજ માનસ્તંભની ૩૪ મી પ્રતિષ્ઠાતિથિ તેમ જ તા. ૨૨ એપ્રિલ મંગળવારના રોજ 'મહાવીરજયંતી' અને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના 'પરિવર્તન'ની ૫૨ મી જયંતી છે. આ બન્ને પ્રસંગો વિશેષ પૂજા, ભક્તિ અને તત્ત્વજ્ઞાનની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

* તા. ૭ મે બુધવારથી તા. ૧૧ મે રવિવાર (વૈશાખ સુદ ૨) સુધી અખિલ ભારતવર્ષીય દિ. જૈન મુમુક્ષુવૃંદ તરફથી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૭ મી મંગલમય જન્મજયંતીનો વિશેષ ઉત્સવ ઉજવવામાં આવશે. હિન્દી ભાષી મહેમાનો માટે ભોજન-વ્યવસ્થા અલગ રાખવામાં આવશે.

* તા ૭ મે બુધવારથી તા. ૨૬ મે સોમવાર—વીસ દિવસનો વિદ્યાર્થીઓ માટેનો શિક્ષણવર્ગ રાખવામાં આવશે.

* ગુરુ-જન્મજયંતી-મહોત્સવના દિવસોમાં મહેમાનો માટે તેમ જ શિક્ષણવર્ગના દિવસોમાં વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવશે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૫૪ મી સમ્યક્ત્વજયંતીના મહોત્સવ પ્રસંગે પાંચે દિવસના જમણના ખર્ચ માટે રૂ. ૧૧,૧૧૧/–દહેગામ નિવાસી શ્રી ચીમનલાલ મગનલાલ શાહના પરિવાર તરફથી જાહેર કરવામાં આવ્યા હતા.

* શ્રી નંદીશ્વર-જિનાલયના વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ઉપર રાખવામાં આવતી મંડલવિધાનપૂજા માટે કાયમી-પૂજા ખાતે રૂ. ૧૦,૦૦૧/– પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા કેટલાક બ્રહ્મચારી બહેનો તરફથી જાહેર કરવામાં આવેલ છે.

* શ્રી નંદીશ્વર–જિનાલયમાં ફાગણ માસની અષ્ટાહ્નિકા માટે કાયમી મંડલ વિધાન-પૂજા ખાતે રૂ. ૧૦,૦૦૧/– એક મુમુક્ષુ બહેન તરફથી જાહેર કરવામાં આવેલ છે.

* સમ્યક્ત્વજયંતી-મહોત્સવ પ્રસંગે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણે ભેટરૂપે આવેલી કુલ રકમ રૂ. ૧૧,૦૦૦/– સંસ્થાના જ્ઞાનપ્રચાર તથા જિનમંદિર ખાતે જાહેર કરવામાં આવેલ છે.

* પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ મળવાની ખુશાલીમાં રૂ. ૫૦૦૧/– શ્રી ચંદુલાલ જગજીવનદાસ પારેખ ( મુંબઈ) તરફથી નંદીશ્વરજિનાલય આદિ દાનખાતા માટે જાહેર કરવામાં આવેલ છે. —*—

## વૈરાગ્ય સમાચાર :—

* રાજકોટનિવાસી શ્રી છબીલદાસ નૌત્તમલાલ મહેતા ( વર્ષ–૬૭ ) તા. ૭–૧–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી કાનજીભાઈ જી. પારેખ તા. ૧૪-૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દહેગામનિવાસી શ્રા ચીમનલાલ મગનલાલ શાહ તા. ૨૦–૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી અમૃતબેન કાંતિલાલ મહેતા મહા વદ ૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી શ્રી પરષોતમભાઈ છગનલાલ ચાવડા (વર્ષ–૫૮) તા. ૨૮-૩–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્ગત આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.... *

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં વિદ્યાર્થીઓ માટે ઉનાળાનો

# ધાર્મિક શિક્ષણવર્ગ

આ વર્ષે વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૭ મી જન્મજયંતીના મંગલ અવસરે તા. ૭-૫-૮૬ બુધવાર થી તા. ૨૬-૫-૮૬ સોમવાર—૨૦ દિવસ સુધી રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ વીસ દિવસના શિક્ષણવર્ગમાં જઘન્ય, મધ્યમ અને ઉત્તમ ત્રણ વર્ગ રાખવામાં આવશે.

જઘન્યવર્ગમાં લઘુ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા અને છઢાળા,

મધ્યમવર્ગમાં જૈન સિદ્ધાંત-પ્રશ્નોત્તરમાળા અને દ્રવ્યસંગ્રહ, તથા

ઉત્તમવર્ગમાં પંચાસ્તિકાયસંગ્રહ ( મોક્ષમાર્ગપ્રપંચસૂચકચૂલિકા ) તથા જૈન સિદ્ધાંત-પ્રશ્નોત્તરમાળા ઉપર શિક્ષણ આપવામાં આવશે.

મુમુક્ષુમંડળના બાળકોને અધ્યાત્મતત્ત્વપ્રધાન ધાર્મિક સંસ્કાર ઉપલબ્ધ થાય તે માટે પોતાના ગામના મુમુક્ષુઓના વિદ્યાર્થીઓને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા બધા મુમુક્ષુમંડળોને અનુરોધ છે.

સૂચના :—(૧) પાઠ્ય-પુસ્તક ( જે પોતાની પાસે હોય તો ) તથા પોતાનું પાગરણ આદિ સાથે લાવે. (૨) ટેપ-રેકોર્ડર આદિ કોઈ કિંમતી વસ્તુ સાથે ન લાવે. (૩) વિદ્યાર્થીએ પોતે આવવાની અગ્રિમ સૂચના પત્રથી જણાવવી.

પ્રબંધક :—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું) PIN–364 250

—❊—

❊ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધનાની કુશળતા સાથે બિરાજે છે, શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે. દર્શનાર્થીઓ તથા મુમુક્ષુઓને તેઓશ્રીના દર્શન તથા પ્રશમરસસ્યન્દી અનુપમ વાણીનો લાભ પણ મળતો રહે છે.

—❊—

[ જ્ઞાયક સિવાય બીજું....પાનું ૨ થી ચાલુ ]

બાકી, ક્રિયાકાંડ કરીને મરી જાય તોપણ ભવનો અંત આવે નહિ. સમયસારના નિર્જરા અધિકારમાં કહ્યું છે ને! કે—'જીવો કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા—તૂટી મરતા થકા કલેશ પામો તો પામો; પરંતુ જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, નિરામય ( રોગાદિ સમસ્ત કલેશ વિનાનું ) પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે—પોતાની મેળે પોતે વેદવામાં આવે છે એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.' આશય એ છે કે—જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.

જ્ઞાનીને પણ અસ્થિરતા જનિત રાગ તો આવે, કદાચિત્ પાપનો ભાવપણ આવે, પણ તેમાં તેને પ્રીતિ ને સુખબુદ્ધિ નથી. વિષયોમાં અને તેમના આલંબને થતા રાગમાં સુખ નથી, માટે તેમાં જ્ઞાનીને સુખબુદ્ધિ થતી નથી. સુખ તો અતીન્દ્રિય પૂર્ણાનંદના નાથ એવા ભગવાન નિજ જ્ઞાયક આત્મામાં છે—એવી સ્વ-સન્મુખતાની અંતરમાં દૃષ્ટિ થવી, નિજ શુદ્ધ સ્વરૂપ-અસ્તિત્વની પકડ થવી, એ જ રાગ સાથે એકતાની ગૂંચવણ ટાળવાનો એકમાત્ર ઉપાય છે.

### "'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ."

શું કરવું તે કહે છે. આ બધામાં હું એક જ્ઞાયક છું, જાણનાર...જાણનાર...જાણનાર ભગવાન જ્ઞાયક છું, સ્વતઃસિદ્ધ સ્વયં પ્રભુ સત્—કાયમ રહેવાવાળો, અચિંત્ય પરમ પદાર્થ છું—એવું જે પોતાની હયાતીનું સ્વરૂપ તેને બરાબર ખ્યાલમાં લેવું. હું અબદ્ધસ્પૃષ્ટ છું, મુક્ત છું, જ્ઞાયક છું, ચૈતન્ય છું, પરમબ્રહ્મસ્વરૂપ છું, શુદ્ધ છું, આનંદકંદ છું, અભેદ છું—એવા જે વિકલ્પો ઊઠે તેનાથી શું સાધ્ય છે? એ વિકલ્પો પણ રાગ છે, બંધનું કારણ છે. એ વિકલ્પોને પણ વટાવીને 'હું શુદ્ધ જ્ઞાયક છું' એવા નિજ અસ્તિત્વભાવે અંદર પરિણમી જવું. અહા! બેનના શબ્દો તો બહુ ટૂંકા છે પણ અંદર મર્મ ઘણો છે.

### "'જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે' એમ તેમાં આવી ગયું"

જ્ઞાયક સિવાયનું બીજું બધું—શરીર, વાણી, મન, સ્ત્રી-પુત્ર-પરિવાર, તેમ જ જીવની પર્યાયમાં પરના લક્ષે ઉત્પન્ન થતાં પુણ્ય-પાપરૂપ વિભાવભાવ, અરે! અનાદ્યનંતત્વના વિકલ્પ સુદ્ધાં—પર છે એમ, જ્ઞાયકનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં લેતાં તેમાં આવી ગયું. દયા-દાન, પૂજા-ભક્તિ ને વ્રત-તપની વાતો તો શુભ રાગ ને ક્રિયાની છે, એ કાંઈ આત્માની ચીજ નથી. આત્મા તો કેવળ જ્ઞાયક જ છે, બાકીનું બીજું બધું પર છે. 'હું કેવળ જ્ઞાયક છું, બીજું બધું પર છે' એમ અંતરમાં જ્યારે બરાબર ખ્યાલ આવે ત્યારે જીવને સમ્યગ્દર્શન થાય અને ભવનો અંત આવે.

અધ્યાત્મવિદ્યાધામ સોનગઢમાં

પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો

# ૯૭ મો જન્મજયંતી-મહોત્સવ

જણાવતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ કે આપણા પરમાધાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૯૭ મી જન્મજયંતી ( વૈશાખ સુદ ૨ )ના ઉપલક્ષમાં તા. ૭-૫-૮૬ બુધવારથી તા. ૧૧-૫-૮૬ રવિવાર—પાંચ દિવસનો મંગલ ઉત્સવ અમારા તરફથી—અખિલ ભારતવર્ષીય દિ. જૈન મુમુક્ષુવૃંદ તરફથી—સોનગઢમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની છત્રછાયામાં ઉજવવાની અમારા સૌની ભાવના શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સમક્ષ પ્રસ્તુત કરતાં, ટ્રસ્ટીમંડળે અમારી વિનંતી લક્ષમાં લઈને ઉદારતાથી સ્વીકારેલ છે, તે માટે તેમનો ઉપકાર માનીએ છીએ.

આ પવિત્ર ઉત્સવ 'શ્રી ચોંસઠઋદ્ધિમંડળવિધાન' પૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક-વિડિયો પ્રવચન, દેવ-ગુરુની ભક્તિ, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડિયો-તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે.

આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવાનું હાર્દિક નિમંત્રણ છે. રહેવા તથા જમવાની વ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે. નિમંત્રણ-પત્રિકા મુમુક્ષુસમાજને મોકલી આપવામાં આવી છે.

નિમંત્રક—

અખિલ ભારતીવર્ષીય દિ. જૈન મુમુક્ષુવૃંદ

Licence No. 3
'Licensed to post
without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir
Trust, SONGAD-364 250-INDIA

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
[illegible] : અજિત મુદ્રણાલય, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ

To,

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012